*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# મહાવીર-ધર્મચક્ર.....ગીરનારયાત્રા.... અંક



# * શ્રી નેમિ તીર્થેશ્વરની સ્તુતિ *



## 卐 જિનવરદેવ પ્રત્યે ભક્તિની ઉત્સુકતા 卐

શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરતાં નિયમસારમાં શ્રી પદ્મપ્રભમુનિરાજ કહે છે કે અહો પ્રભો નેમિ તીર્થેશ્વર! સર્વજ્ઞતાથી શોભતું આપનું જ્ઞાનશરીર લોકાલોકનું નિકેતન છે; તેમાં લોકાલોક સમાઈ જાય છે એવું તે મહાન છે. શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવનારા હે જિનેન્દ્ર! આપની દિવ્યધ્વનિના નાદથી અમારો મોહ પણ બિચારો ધ્રુજી ઊઠીને ભાગવા માંડયો છે. અહો પ્રભો! આપનું સ્તવન કરવા ત્રણલોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે? હે જિન! આપના પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિને લીધે હું આપને સ્તવું છું.

અહો આનંદભૂમિ નેમિનાથ! આપના કલ્યાણક-ધામ ગીરનારને જોતાં આપશ્રીની સર્વોત્કૃષ્ટ વીતરાગી સર્વજ્ઞદશા પ્રત્યે અમારું દ્રવ્ય નમી પડે છે.

# ભગવાન નેમિનાથનું વૈરાગ્ય-ચિન્તન



અસાર અસાર રે સંસાર....
સુનો સુનો આ સંસાર !

ચેતન-પદ એક જ છે સાર,
સુંદર...જેમાં શાંતિ અપાર !

મને લાગે સંસાર અસાર...
ઝેરી સંસારમાં નહીં જાઉં...
નહીં જાઉં નહીં જાઉં રે...

મને લાગે છે જિનપદ સાર,
અમૃત-પદમાં હું લીન થાઉં...
લીન થાઉં...લીન થાઉં રે...

ચૈતન્યસાધનામય જેમનું જીવન છે, ચૈતન્યનો વીતરાગી આનંદસ્વાદ જેમણે ચાખ્યો છે–એવા ભગવાન રાજકુમાર નેમિનાથ લગ્નપ્રસંગે જ્યારે જુનાગઢ પધારી રહ્યા છે ત્યાં વચ્ચે બનાવટી હિંસાનું દ્રશ્ય–બંધનગ્રસ્ત દુઃખી પશુઓનો કરુણ ચિત્કાર અને રાજ્ય માટે સંસારની માયાજાળ દેખીને એકદમ ભવ–તન ભોગથી વિરક્ત થયા...ને વૈરાગ્યનું ચિન્તન કરવા લાગ્યા કે અરે, આવો અસાર સંસાર! ને મારા લગ્ન નિમિત્તે આ હિંસા !–આવો સંસાર મારે ન જોઈએ. જગતના ભોગ ખાતર મારો અવતાર નથી, આત્માના મોક્ષ ખાતર મારો અવતાર છે!

બસ, એ તો ચાલ્યા ગયા ગીરનાર સહસ્રઆમ્રવનમાં! ને ચૈતન્યની એવી શાંતિમાં લીન થયા.....કે શાંતિથી પ્રભાવિત થયેલું સહસ્રઆમ્રવન આજે પણ તેની સાક્ષી પૂરી રહ્યું છે...

વાહ રે વાહ! નેમપ્રભુનું વૈરાગ્યજીવન! ને એમની અદ્‌ભુત આત્મસાધના! એની મધુરી વાતો સાંભળવી હોય ને એ શાંતિનો નમુનો જોવો હોય...તો આવો આ સહસ્રઆમ્રવનમાં!

# અધ્યાત્મ ભાવનાનું ઘોલન

## [ નવીન સ્વાધ્યાય ]

[ ૨ ]

**અધ્યાત્મભાવનાનું ઘોલન થાય ને સ્વાધ્યાયમાં વિશેષ રસ જાગે, તે માટે આ વર્ષથી કોઈ ને કોઈ નવીન શાસ્ત્રનો અનુવાદ રજુ કરવાનું આપણે શરૂ કરેલ છે. તે અનુસાર 'પાહુડ દોહા' નો અનુવાદ આપવાનું ચાલુ કરેલ છે. તેમાં આ બીજો લેખ છે. જિજ્ઞાસુઓને આ લેખમાળા ગમી છે. (સં.)**

૪૯. મન તો પરમેશ્વરમાં મળી ગયું છે, અને પરમેશ્વર મન સાથે મળી ગયા છે; બંને એકરસ થઈને રહ્યાં છે, તો હું પૂજાની સામગ્રી કોને ચઢાવું?

૫૦. હે જીવ! તું દેવનું આરાધન કરે છે;–પણ તારા પરમેશ્વર ક્યાં ચાલ્યા ગયા? જે શિવ–કલ્યાણરૂપ પરમેશ્વર સર્વાંગમાં બિરાજી રહ્યા છે તેને તું કેમ ભૂલી ગયો?

૫૧. અહો, જે પર છે તે તો પર જ છે; પર કદી આત્માનું થતું નથી. શરીર તો દગ્ધ થાય છે; ને આત્મા ઉપર જાય છે; તે પાછું વાળીને જોતો પણ નથી. (આ રીતે દેહ અને આત્મા સર્વથા જુદા છે.)

૫૨. હે મૂઢ! આ બધુંય (શરીરાદિકનો સંબંધ) તો કર્મજંજાળ છે, એ કાંઈ નિષ્કર્મ નથી. (અર્થાત્ સ્વભાવિક નથી.) દેખ, જીવ ચાલ્યો ગયો પણ દેહ–કૂટિર તેની સાથે ન ગઈ.–આ દ્રષ્ટાંતથી બંનેની ભિન્નતા દેખ.

૫૩. દેહદેવળમાં જે શક્તિ સહિત દેવ વસે છે, હે યોગી! તે શક્તિમાન શિવ કોણ છે? એનો ભેદ તું જલ્દી ગોતી કાઢ.

૫૪. જે જીર્ણ થતો નથી, મરતો નથી કે ઉત્પન્ન થતો નથી, જે બધાથી પર, કોઈ અનંત છે, ત્રિભુવનનો સ્વામી છે ને જ્ઞાનમય છે,–તે શિવદેવ છે–એમ તું નિર્ભ્રાન્તપણે જાણ.

૫૫. શિવ વગર શક્તિનો વ્યાપાર થઈ શકતો નથી, ને શક્તિ વગરના શિવ કાંઇ કરી શકતા નથી; બંનેનું મિલન થતાં મોહનો વિલય થઈને સકળ જગતનો બોધ થાય છે. ( ગુણ–ગુણી સર્વથા **જુદા** રહીને કંઇ કાર્ય કરી શકતા નથી; બંને અભેદ થઈને જ કાર્ય કરી શકે છે,–એમ વસ્તુસ્વરૂપ અને જૈનસિદ્ધાંત છે. )

૫૬. તારો આત્મા જ્ઞાનમય છે, તેના ભાવને જ્યાં સુધી નથી દેખ્યો ત્યાંસુધી ચિત્ત બિચારું દગ્ધ અને સંકલ્પ–વિકલ્પ સહિત અજ્ઞાનરૂપ વર્તે છે.

૫૭. નિત્ય નિરામય જ્ઞાનમય પરમાનંદસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ આત્મા જેણે જાણી લીધો તેને અન્ય કોઈ ભાવ રહેતો નથી. ( અર્થાત્ અન્ય સમસ્ત ભાવોને તે પારકા સમજે છે. )

૫૮. અમે એક જિનને જાણ્યા ત્યાં અનંત દેવને જાણી લીધા; એને જાણ્યા વિના મોહથી મોહિત જીવ દૂર ભમે છે.

૫૯. કેવળજ્ઞાનમય આત્મા જેના હૈડામાં વસે છે, તે ત્રણલોકમાં મુક્ત રહે છે, ને તેને પાપ લાગતું નથી.

૬૦. બંધનના હેતુને જે મુનિ ચિંતવતો નથી, કહેતો નથી કે કરતો નથી ( અર્થાત્ મનથી–વચનથી–કાયાથી બંધના હેતુને સેવતો નથી ) તે જ કેવળજ્ઞાનથી સ્ફૂરિત શરીરવાળો પરમાત્મ–દેવ છે.

૬૧. જ્યાં અભ્યંતર ચિત્ત મેલું છે ત્યાં બહારના તપથી શું ફાયદો ? માટે હે ભવ્ય ! ચિત્તમાં કોઈ એવા નિરંજન તત્ત્વને ધારણ કર–કે જેથી તે મેલથી મુક્ત થઈ જાય.

૬૨. વિષય–કષાયોમાં જતા મનને પાછું વાળીને નિરંજન તત્ત્વમાં સ્થિર કરો.–બસ ! આટલું જ મોક્ષનું કારણ છે; બીજા કોઈ તંત્ર કે મંત્ર મોક્ષનાં કારણ નથી

૬૩. અરે જીવ ! ખાતાં પીતાં પણ જો તું શાશ્વત મોક્ષને પામી જા તો, ભટ્ટારક ઋષભદેવે સકળ ઇન્દ્રિયસુખોને કેમ છોડયા ?

૬૪. હે વત્સ ! જ્યાંસુધી તારું ચિત્ત નિરંજન પરમતત્ત્વ સાથે સમરસ–એકરસ નથી થતું ત્યાંસુધી જ દેહવાસના તને સતાવે છે.

૬૫. જેના મનમાં, સર્વે વિકલ્પોને હણનારું જ્ઞાન સ્ફૂરતું નથી, તે બીજા બધા ધર્મો કરે તોપણ નિત્ય સુખને ક્યાંથી પામે ?

૬૬. સકળ ચિંતાઓને છોડીને જેના મનમાં પરમપદનો નિવાસ થયો તે જીવ આઠે કર્મોને હણીને પરમ ગતિને પામે છે.

# મારા નેમપિયા ગીરનારી ચાલ્યા...



જોગ ધરુંગી....બાબુલ હટ તજો....જૂઠા હૈ સંસાર....બાબુલ હટ તજો...૧

જોગ વિસારો....બેટી રાજમતી...મત જાઓ ગીરનાર...બેટી રાજમતી...૨
યે સંસાર અસાર હૈ બાબુલ...મોહજાલ દુઃખભાર....બાબુલ હટ તજો...૩

ઔર ઢુંઢાઉં વર અતિ સુંદર...ધન વૈભવ બલકાર....બેટી રાજમતી...૪
પતિ સતી કે એક હી હોતા...ઔર પિતા સુત ભ્રાત...બાબુલ હટ તજો...૫

જબ લગ સાત ફિરે નહીં ફેરે...તબ લગ કુંવારી માન...બેટી રાજમતી...૬
યે સબ થોથીં બાતેં બાબુલ....કુલ–મર્યાદ વિચાર....બાબુલ હટ તજો...૭

જીવનમેં સુખભોગ ભોગ કર્યો.....દે રહી મૂઢ વિસાર...બેટી રાજમતી....૮
ભોગ રોગકા ઘર હૈ બાબુલ...ભોગ નરક કો દ્વાર....બાબુલ હટ તજો...૯


યે યૌવન...યે રૂપ સંપદા....મિલે ન વારંવાર....બેટી રાજમતી...૧૦
હાડ–માંસ પર ચામ ચમક હૈ...ક્ષણમેં વિણસનહાર..બાબુલ હટ તજો...૧૧

કયા યહી હૈ ધર્મ સુતાકા...કરે પિતાસેં રાડ....બેટી રાજમતી....૧૨
રાહ નહીં, હૈ ધર્મ સતીકા...હિતકર ધર્મ ચિતાર...બાબુલ હટ તજો....૧૩

કઠિન જોગ તપ ત્યાગ હૈ બેટી...ફિરસે સોચ વિચાર...બેટી રાજમતી...૧૪
ધન્ય 'સૌભાગ્ય' મિલા સંયમકા....સફલ કરું પર્યાય....બાબુલ હટ તજો...૧૫

ધન્ય હૈ તેરી દૃઢતા બેટી...જાઓ ખુશી ગીરનાર...દેવી રાજમતી...૧૬

# ગીરનારમાં ધોધમાર વર્ષા



કોણ કહે છે–વરસાદ ઓછો છે? અરે, આખા ગીરનારને તો તમે જુઓ!–આખોય ગીરનાર વૈરાગ્યના ધોધમાર વરસાદથી ભીંજાયેલો છે. એ વર્ષાના વૈરાગ્યરસનું પાન કરતાં આત્માને જે તૃપ્તિ થાય છે–તેવી તૃપ્તિ હજારો ઇંચ પાણીના વરસાદ વડે પણ થઈ શકતી નથી. નેમનાથપ્રભુએ કેવળજ્ઞાન– ગગનમાંથી ચૈતન્યનું ધોધમાર અમૃત વારંવાર વરસાવ્યું તેનાથી ભીંજાયેલો વૈરાગ્યરસબોળ ગીરનારપર્વત આજેય આપણને જ્ઞાનવૈરાગ્યનું પાન કરાવે છે...આવો....ગીરનારમાં આવો...ને શાંતિથી ધરાઈ–ધરાઈને એનું પાન કરો...

પછી તો શ્રી ધરસેનસ્વામી અને કુંદકુંદસ્વામી જેવા સંતોએ પણ એ મધુર ચૈતન્ય પ્રવાહમાં પ્રાણ પૂરીને એને વહેતો રાખ્યો છે. ને આજે પણ આપણને એનો સ્વાદ શ્રીગુરુ પ્રતાપે મળી રહ્યો છે. તેનો નમૂનો આપ પણ ચાખો...( બ્ર. હ. જૈન )

## [ ગીરનારધામના પ્રવચનોની પ્રસાદી ]

વીર સં. ૨૪૮૭ માં ( આજથી ૧૪ વર્ષ પહેલાં ) ગીરનારતીર્થની યાત્રા વખતે **મહા** સુદ દશમે મંગલ પ્રવચનમાં નેમિનાથ ભગવાનને યાદ કરતાં કહ્યું–

આ ગીરનાર.....ભગવાન નેમિનાથની મંગલ ભૂમિ છે. ચૈતન્યના આનંદનું વેદન અને આત્મભાન તો ભગવાનને પહેલેથી હતું...વિવાહ માટે તેઓ જાન લઈને અહીં આવેલાં, ત્યાં વૈરાગ્ય પામીને સહેસાવનમાં દીક્ષા લીધી. દીક્ષા લઈને મુનિદશામાં ભગવાન અહીં વિચર્યા....અને આત્માના ધ્યાનવડે ચૈતન્યનો પૂર્ણ આનંદ પ્રગટ કર્યો.... કેવળજ્ઞાન પણ ભગવાન અહીં જ પામ્યા...ને મોક્ષદશા પણ અહીં જ પામ્યા.... ભગવાનનો આત્મા મંગળ છે, ભગવાનની તે દશાઓ મંગળ છે, ને આ ગીરનાર પણ મંગળ છે; તેની યાત્રા કરવા, ને તે દશાનાં સ્મરણો તાજા કરવા આવ્યા છીએ. ભગવાન જે સહેસાવનમાં દીક્ષા લઈને

આનંદના અનુભવમાં લીન થયા ને કેવળજ્ઞાન પામીને જ્યાં ચૈતન્યનું અમૃત વરસાવ્યું – તે સહેસાવનમાં જશું...ને પછી જ્યાંથી ભગવાન મોક્ષ પધાર્યા તે પાંચમી ટૂંકે જશું. ત્યાં સિદ્ધપદને યાદ કરીને તેની ભાવના ભાવશું.

[ અહા, જે વનમાં ભગવાને દિવ્યધ્વનિવડે ચૈતન્યનું અમૃત વરસાવ્યું તે વનમાં સહસ્રઆમ્રવૃક્ષમાં હજારો આંબા પાકયા...તો તે પ્રભુના ઉપદેશને ઝીલનારા ભવ્યજીવોના ચૈતન્યવનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદના અતીન્દ્રિય આંબા પાકી જાય – એમાં શું આશ્ચર્ય ! ]

ભગવાનનું નામ પણ મંગળરૂપ છે; તેમનું આત્મદ્રવ્ય ત્રિકાળ મંગળરૂપ છે; ભગવાન અહીં વિચર્યા તેથી આ ગીરનારક્ષેત્ર પણ મંગળરૂપ છે, ને આત્માની દશા ( સમ્યગ્દર્શનાદિ પણ મંગળરૂપ છે. આ રીતે ગીરનારયાત્રામાં મંગળ કર્યું. ભગવાનના આત્માને ઓળખે તેને પોતામાં પણ મંગળ પ્રગટે; ને મોક્ષધામની યાત્રાનો પ્રારંભ થાય. એ ખરી યાત્રા છે.

વીર સં. ૨૪૮૭ માં જામનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ ઊજવીને પૂ. ગુરુદેવ હજાર ઉપરાંત યાત્રિકોના સંઘ સહિત શ્રી ગીરનારજી–તીર્થધામની યાત્રાએ પધાર્યા....અને **મહા** સુદ ૧૧–૧૨ ના રોજ મહાન ઉલ્લાસ અને ભક્તિપૂર્વક તીર્થધામની યાત્રા કરી. ગુરુદેવની સાથે જેમ જેમ જુનાગઢની નજીક આવતા હતા તેમ તેમ ગીરનારધામને નીહાળી નીહાળીને નેમપ્રભુના સ્મરણો હૃદયમાં તાજા થતા હતા. સૌરાષ્ટ્રનું સૌથી ઊંચું સ્થાન, અને નેમપ્રભુના ત્રણ કલ્યાણકથી પાવન હોવાને લીધે સૌરાષ્ટ્રનું સૌથી મહિમાવંત ધામ તેને નીહાળતાં ઉન્નત–જ્ઞાન વૈરાગ્યભાવનાઓ જાગતી હતી.

મહા સુદ ૧૧ ની સવારમાં સાડાપાંચ વાગે નેમિનાથ ભગવાનના જયજયકારપૂર્વક કહાન–ગુરુદેવે યાત્રા માટે ગીરનાર ઉપર પ્રસ્થાન કર્યું. ગુરુદેવ સાથે ગીરનારયાત્રા કરતાં ભક્તોને ઘણો હર્ષ થતો હતો....યાત્રામાં ગુરુદેવના પગલે પગલે ચાલતાં ભક્તોના હૃદયમાં એમ થતું કે આ યાત્રાની જેમ ભવોભવમાં ગુરુદેવની સાથે જ રહીને સિદ્ધપદની યાત્રા પૂર્ણ કરીએ...પૂ. બેનશ્રીબેન પણ ભક્તિદ્વારા આનંદમંગલ વ્યક્ત કરતા હતા. એ રીતે પહેલી ટૂંકે પહોંચ્યા પછી ગીરનાર ઉપરના દિ. જિનમંદિરમાં જઈને સમૂહપૂજન કર્યું. તીર્થધામમાં ગુરુદેવ પણ પૂજનમાં ભાગ લેતા હોવાથી ઘણો ઉત્સાહ આવતો. પૂજન બાદ ત્યાં ચોકમાં ભક્તિ થઈ. નેમપ્રભુના ધામમાં નેમપ્રભુના વૈરાગ્યપ્રસંગના સ્તવનો સાંભળતાં યાત્રિકોનું હૃદય વૈરાગ્યભરેલી ભક્તિથી ભીંજાઈ જતું હતું.

બપોરે દોઢ વાગે પૂ. ગુરુદેવ સહેસાવન તરફ પધાર્યા....યાત્રિકોની વણઝાર પણ ગુરુદેવની સાથે જ ચાલી....વચ્ચે "ગોમુખીગંગા" ના સ્થાને એક ગોખમાં ૨૪ તીર્થંકરોના ચરણપાદૂકા છે. ત્યાં દર્શન કરીને સૌ સહેસાવનમાં આવ્યા...સહેસાવન એટલે ભગવાન નેમિનાથના વૈરાગ્યનું ધામ! ભગવાન સંસાર છોડીને અહીં મુનિ થયા...અહીં આત્મધ્યાન કર્યું...ચોથું અને પાંચમું જ્ઞાન પણ ભગવાને અહીંજ પ્રગટ કર્યું. છઠ્ઠું–સાતમું–આઠમું–નવમું–દશમું તથા બાર–તેર–ચૌદમું ગુણસ્થાન ભગવાનને આ ગીરનારભૂમિમાં થયું. દિવ્યધ્વનિવડે જગતને મોક્ષનો માર્ગ ભગવાને અહીંથી બતાવ્યો. ધન્ય આ ભૂમિ! ધન્ય અહીંના સંતો!....સહેસાવનનું વાતાવરણ એ બધી વાતો તાજી કરાવે છે. ગુરુદેવ સહેસાવનમાં પધારતાં પ્રસન્ન થયા...ગુરુદેવ સાથે આવા સહેસાવનની –તીર્થંકરના ચારિત્રધામની ને કેવળજ્ઞાન ધામની–યાત્રાનો ધન્ય અવસર મળતાં ભક્તોને પણ ઘણો આનંદ થયો. ગુરુદેવ સાથે યાત્રાનો લાભ લેવા ભિન્ન ભિન્ન પ્રાંતમાંથી આવેલા સવા હજાર જેટલા યાત્રિકોનો મેળો અહીં ભેગો થયો હતો....ને સહેસાવનમાં અપાર ભીડ જામી હતી–કેમકે સૌને એવી ધૂન કે ગુરુદેવ સાથે યાત્રાનો મહાન લાભ લઇએ! ખરું જ છે આવા મહાપુરુષો સાથે આવા મહાન તીર્થોની યાત્રાનો ધન્ય અવસર જીવનની કોઈક સોનેરી પળેજ મળે છે...ને એવી યાત્રા જીવનનું એક સોનેરી સ્મરણ બની જાય છે. ભીડ તો એવી જામી હતી કે,–જેમ ભગવાનની વૈરાગ્યપરિણતિમાં સંસારને પ્રવેશવાનો અવકાશ જ ન હતો તેમ આ વૈરાગ્યવનમાં યાત્રિકોની ભીડ વચ્ચે બીજાના પ્રવેશનો અવકાશ ન હતો.

અહીં ભક્તિ કરાવતાં કરાવતાં વચ્ચે ગુરુદેવે પ્રમોદથી કહ્યું કે 'ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ અહીં ભગવાનની ભક્તિ કરવા સ્વર્ગેથી ઊતર્યા હતા; ભગવાનના કલ્યાણક ઊજવવા માટે અહીં આવ્યા હતા,; ને સમવસરણ અહીં રચાયા હતા...તેમાં ભગવાન ઉપદેશ દેતા હતા..કૃષ્ણ અને બળભદ્ર અહીં આવીને નેમપ્રભુના ચરણે શીર ઝૂકાવતા હતા ને ભક્તિથી ઉપદેશ સાંભળતા હતા. અહા, દેવાધિદેવ તીર્થંકરના અચિંત્ય મહિમાની શી વાત!–એનાં સ્મરણો તાજા કરવા અહીં આવ્યા છીએ...ભગવાનની ભૂમિમાં આવતાં નવાં અને તાજા સ્મરણો જાગે છે, તે હેતુએ આ જાત્રા છે. ભગવાનનું આત્મદ્રવ્ય માંગળિક હતું. ભગવાન નેમિનાથ અહીં બિરાજતા તેને તો જો કે હજારો વર્ષ થઈ ગયા, પરંતુ આપણો ભાવ ને આપણું જ્ઞાન તો વર્તમાનમાં છે ને! " નેમપ્રભુની ભુમિમાં ગુરુદેવના આવા ભક્તિ અને પ્રમોદભરેલા ઉદ્‌ગારો સાંભળતાં યાત્રિકો પોતાનો ઘણો હર્ષ વ્યક્ત કરીને યાત્રાનો અનેરો લહાવો લેતા હતા.


[ યાત્રાના વિશેષ લહાવા માટે જુઓ પાનું –૧૬ ]

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

## લેખાંક-૨


દુનિયામાં ક્યાંય પણ શાંતિ–ખરેખરી શાંતિ હોય તો તે આત્મામાં જ છે, ને આત્માને જાણવાથી જ તેનું વેદન થાય છે. જિનમાર્ગી સન્તો આવી અપૂર્વ શાંતિને પામ્યા છે, ને એવી શાંતિના પિપાસુ ભવ્યજીવોને કહે છે કે તમે પણ અપૂર્વ શાંતિ પામવા માટે આત્માને ઓળખો. આત્માની ઓળખાણ કરાવનારું સુગમ શાસ્ત્ર 'સમાધિશતક' તેનાં પ્રવચનોનું દોહન આપ વાંચી રહ્યા છો. –સં.

સાચી શાંતિ પામવા આત્માને ઓળખવાનું કહ્યું; ત્યાં પ્રશ્ન ઊઠે છે કે આત્મા કેટલા પ્રકારના છે? અને તેમાંથી કેવો આત્મા ઉપાદેય છે તથા કેવો આત્મા હેય છે? તેના ઉત્તરમાં આત્માની ત્રણ દશા સમજાવીને, તેમાં હેય ઉપાદેય કયા પ્રકારે છે તે બતાવે છે. સામાન્યપણે તો બધા આત્મા ઉપયોગસ્વરૂપ છે; પર્યાયઅપેક્ષાએ તેના ત્રણ પ્રકાર છે–બહિર્આત્મા; અંતર્આત્મા, અને પરમાત્મા. તેમાંથી અંતરાત્મારૂપ ઉપાયવડે પરમાત્મપણાને ઉપાદેય કરો ને બહિરાત્મપણાને તજો.




* બાહ્ય શરીરાદિ પદાર્થોને જ આત્મા માને છે તે બહિરાત્મા છે.
* જેને અંતરમાં દેહાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે.
* જેણે પરમ ચૈતન્યશક્તિ ખોલીને પરમ સર્વજ્ઞપદ પ્રગટ કર્યું તે પરમાત્મા છે.

–આવા ત્રણ પ્રકારમાંથી સર્વજ્ઞતા ને પરિપૂર્ણ આનંદરૂપ એવું પરમાત્માપણું પરમ ઉપાદેય છે; અંતરાત્માપણું તે તેનો ઉપાય છે, અને બહિરાત્મપણું છોડવા જેવું છે. પરમાત્મા થવાનું સાધન શું ? કે અંતરાત્માપણું તે પરમાત્મા થવાનું સાધન છે. અંતરમાં પરમાત્મશક્તિ ભરી છે, તેની પ્રતીત કરીને તેમાંથી જ પરમાત્મદશા પ્રગટે છે. એ સિવાય બહારમાં બીજું કોઈ તેનું સાધન છે જ નહિ. આત્માના અંતર્‌અવલોકનમાં કોઈ બહારની ચીજ સહાયક પણ નથી ને વિઘ્નકારી પણ નથી. આવા અંતર્ સ્વભાવની દ્રષ્ટિ કરે તો અંતરાત્મપણું થાય ને બાહ્યમાં આત્મબુદ્ધિરૂપ બહિરાત્મપણું છૂટી જાય. અને જે અંતરાત્મા થયો તે હવે અંતર્‌શક્તિમાં એકાગ્ર થઈને પરમાત્મા થઈ જશે. આ રીતે હેયરૂપ એવા બહિરાત્મપણાને છોડવાનો તથા ઉપાદેયરૂપ એવું પરમાત્મપણું પ્રગટ કરવાનો ઉપાય અંતરાત્મપણું છે. અને તે અંતરાત્મપણું કર્માદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણવાથી જ થાય છે, માટે અહીં ભિન્ન આત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે.




**બહિરાત્મપણું છોડી.....અંતરાત્મા થઈ....પરમાત્માને ધ્યાવો.**

આ બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એ ત્રણ દશામાંથી એક વખત એક દશા વ્યક્ત હોય છે. બહિરાત્મદશા વખતે અંતરાત્મપણું કે પરમાત્પણું વ્યક્ત ન હોય; અંતરાત્મદશા વખતે પરમાત્મપણું કે બહિરાત્મપણું ન હોય; અને પરમાત્મદશા વખતે બહિરાત્માપણું કે અંતરાત્મપણું ન હોય. અરિહંત અને સિદ્ધભગવાન તે પરમાત્મા છે; ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના સાધક જીવો તે બધાય અંતરાત્મા છે; અને મિથ્યાદ્રષ્ટિજીવો બહિરાત્મા છે.

બહિરાત્મદશા વખતે પણ આત્માની શક્તિમાં પરમાત્મા થવાની તાકાત પડી છે. ભગવાને સમવસરણમાં એવી દિવ્ય ઘોષણા કરી છે કે અહો જીવો ! તમારા આત્મામાં પરમાત્મશક્તિ ભરેલી છે, તે શક્તિનો વિશ્વાસ કરો. જે જીવ પોતાની પરમાત્મશક્તિનો

વિશ્વાસ કરે છે તેને બહિરાત્મપણું છૂટીને તે અંતરાત્મા થાય છે, ને તે પોતાની ચૈતન્ય શક્તિમાં લીન થઈને તેમાંથી પરમાત્મદશા પ્રગટ કરે છે.

આ રીતે પહેલાં જેઓ બહિરાત્મા હતા તેઓ જ પોતાની શક્તિના અવલંબને અંતરાત્મા થયા. આવી પરમાત્મા થવાની તાકાત દરેક આત્મામાં છે.

મારા આત્મામાં પરમાત્મા થવાની તાકાત છે ને તેમાંથી પરમાત્મદશા પ્રગટ કરવી તે ઉપાદેય છે. આવી શક્તિની પ્રતીત કરતાં બહિરાત્મપણું છૂટીને અંતરાત્મપણું થાય છે ને તે પરમાત્મા થવાનો ઉપાય છે. આ રીતે બહિરાત્મપણું છોડવા જેવું છે, પરમાત્મપણું પ્રગટ કરવા જેવું છે ને અંતરાત્મપણું તેનો ઉપાય છે.

જુઓ, પરમાત્મા થવાનો એટલે કે મોક્ષસુખની પ્રાપ્તિનો ઉપાય પોતામાં જ બતાવ્યો; શુદ્ધસ્વભાવના અનુભવરૂપ જે અંતરાત્મદશા છે તે જ મોક્ષસુખનો ઉપાય છે. એ સિવાય બહારના કોઈ ભાવો તે મોક્ષસુખનો ઉપાય નથી.

હું શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છું, જ્ઞાનદર્શનસ્વરૂપ એક શાશ્વત આત્મા જ મારો છે, એ સિવાય સંયોગલક્ષણરૂપ કોઈ ભાવો મારા નથી, તેઓ મારાથી બાહ્ય છે–એમ ભેદજ્ઞાન કરીને, આત્માના અંતર્સ્વભાવમાં આત્મબુદ્ધિ કરવી તે અંતરાત્મપણું છે. આવા અંતરાત્મપણારૂપ સાધન વડે પરમાત્મદશા પ્રગટ કરવાનો ઉપાય કરવો જોઈએ.

* શરીરાદિ બાહ્ય પદાર્થોમાં ‘આત્મા’ ની ભ્રાંતિ જે કરે છે તે બહિરાત્મા છે.

* રાગ–દ્વેષાદિ દોષો તથા ચૈતન્યસ્વરૂપ આત્મા–તેમના સંબંધમાં જે ભ્રાંતિથી રહિત છે, અંતરમાં આત્માને જ આત્મારૂપે જાણે છે–તે અંતરાત્મા છે. તે રાગાદિ દોષને દોષરૂપે જાણે છે, ને પોતાના ચૈતન્યસ્વભાવને સ્વભાવરૂપે જાણે છે; તેને રાગાદિમાં ‘આત્મા’ ની ભ્રાંતિ થતી નથી, ને મલિનતાથી ભિન્ન પોતાના શુદ્ધસ્વભાવને તે નિઃશંકપણે જાણે છે.

* જે અત્યંત નિર્મળ છે, જેમના રાગાદિ દોષો સર્વથા ટળી ગયા છે ને સર્વજ્ઞ પરમપદ જેમને પ્રગટી ગયું છે, તે પરમાત્મા છે. એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ જાણનાર જીવ બહિરાત્મભાવ છોડીને અંતરાત્મભાવ પ્રગટ કરે છે, ને પરમાત્મપદને સાધે છે. માટે હે જીવો ! અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો.

ગૃહસ્થપણામાં રહેલો જીવ પણ જ્ઞાનાનંદસ્વરૂપે આત્માનું ભાન કરીને અંતરાત્મા થઈ શકે છે; હજી રાગ–દ્વેષ હોવા છતાં, આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે એવું સમ્યક્ભાન

થઈ શકે છે. સમ્યક્ત્વી ધર્માત્મા જીવ–અજીવ આદિ તત્ત્વોને ભ્રાંતિરહિત યથાર્થપણે જાણે છે. જીવને જીવરૂપે જાણે છે, રાગાદિને રાગાદિરૂપે જાણે છે, દેહાદિને અજીવરૂપે જાણે છે. દેહાદિને કે રાગાદિને આત્માનું સ્વરૂપ તે માનતા નથી.

* જીવ તો જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપ છે.
* દેહ વગેરે તો અજીવ છે, તે જીવથી ભિન્ન છે.
* રાગ–દ્વેષ–અજ્ઞાન તે દુઃખરૂપ ભાવો છે, એટલે કે તે આસ્રવ અને બંધરૂપ છે.
* સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ તે જીવને સુખરૂપ છે, તે સંવર–નિર્જરા – મોક્ષનું કારણ છે.

–આમ બધા તત્ત્વોને જેમ છે તેમ જાણીને, એક જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ કરે છે, દેહાદિને પોતાથી બાહ્ય જાણે છે, રાગ–દ્વેષ–અજ્ઞાનને દુઃખરૂપ જાણીને છોડે છે, ને સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને સુખરૂપ જાણીને આદરે છે; – આવા જીવને અંતરાત્મા કહે છે. આવું અંતરાત્મપણું ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બારમા ગુણસ્થાન સુધી હોય છે.

ચૈતન્યસ્વભાવને દેહાદિથી ભિન્ન જાણીને તેના અવલંબને સર્વજ્ઞતા ને આત્માનો સ્વાધીન અતીન્દ્રિય આનંદ ભગવાને પ્રગટ કર્યો. તે ભગવાન પરમાત્મા સર્વજ્ઞ – વીતરાગ અને પરમ હિતોપદેશક છે. પોતે સર્વજ્ઞ–વીતરાગ થયા, ને બીજા જીવોને પણ અંતરંગસ્વરૂપના અવલંબને સર્વજ્ઞ–વીતરાગ થવાનો જ ઉપદેશ આપ્યો.

ભગવાનનો ઉપદેશ વીતરાગતાનો છે, રાગ રાખવાનો ભગવાનનો ઉપદેશ નથી. જો રાગથી લાભ થાય તો ભગવાન પોતે રાગ છોડીને વીતરાગ કેમ થયા? અને જે વીતરાગ થયા છે તે રાગથી લાભ થવાનું કેમ કહે? રાગથી લાભ થાય એવો ભગવાનનો ઉપદેશ છે જ નહીં. રાગથી લાભ થાય–એવો ઉપદેશ તે હિતોપદેશ નથી પણ અહિતોપદેશ છે, કેમકે રાગ તો અહિત છે, હિત તો વીતરાગતા જ છે.

આ અપૂર્વ હિતોપદેશ છે; –જીવે પૂર્વે કદી આવા આત્માની શ્રદ્ધા કે ઓળખાણ કરી નથી. જ્ઞાનસ્વભાવનું લક્ષ કરવું તે જ પરમહિતનો માર્ગ છે, ને એવા હિતનો જ ઉપદેશ ભગવાને કર્યો છે એટલે કે જ્ઞાનસ્વભાવ તરફ વળવાનો જ ભગવાનનો ઉપદેશ છે. પરાશ્રયનો ભગવાનનો ઉપદેશ નથી, તે તો છોડવાનો ભગવાનનો ઉપદેશ છે.

આવો નિર્ણય કરે તેણે ભગવાન પરમાત્માને અને તેમના હિતોપદેશને જાણ્યો છે. પણ જે રાગાદિથી લાભ માને તેણે હિતોપદેશી સર્વજ્ઞ–વીતરાગ પરમાત્માને માન્યા નથી, તેમના ઉપદેશને જાણ્યો નથી.

સમયસારમાં કહ્યું છે કે એકત્વ–વિભક્ત આત્માનો અનુભવ તે જૈનશાસન છે. કર્મના બંધન વિનાનો ને પરના સંબંધ વગરનો એવો જે શુદ્ધ જ્ઞાયકસ્વભાવ તેની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો તે જ જૈનશાસન છે અને જે પોતાના આવા આત્માનો અનુભવ કરે તેને જ પરમાત્માની પરમાર્થ ઓળખાણ થાય કે અહો! રાગથી જુદો પડીને જે અતીન્દ્રિય આનંદનો અંશ મને વેદનમાં આવ્યો તે જ જાતનો (પણ તેથી અનંતગુણો) પરિપૂર્ણ આનંદ પરમાત્માને પ્રગટી ગયો છે, ને તેઓ સર્વથા રાગરહિત થઈ ગયા છે. આ રીતે અંશના વેદનપૂર્વક પૂરાનું ભાન થતાં સાધકને તેના પ્રત્યે ખરી ભક્તિ અને બહુમાન આવે છે. પરમાત્મા પ્રત્યે જેવા ભક્ત–બહુમાન જ્ઞાનીના અંતરમાં હોય તેવા અજ્ઞાનીને ન હોય.

જૈનશાસનમાં ગુણને ઓળખીને નમસ્કાર કરવામાં આવે છે. ગુણવાચક તરીકે બધાય પરમાત્મા–જિનવરોને–'સીમંધર' અથવા 'મહાવીર' કહેવાય છે, કેમકે બધાય ભગવંતો સ્વરૂપની સીમાને ધારણ કરનારા છે ને મહાન વીર્યના ધારક છે.–આ રીતે ગુણના સ્વરૂપથી પરમાત્માને ઓળખવાની પ્રધાનતા છે. અને, પરમાત્માને જેટલાં ગુણવાચક નામો લાગુ પડે છે તે બધાંય નામો આ આત્માને પણ સ્વભાવઅપેક્ષાએ લાગુ પડે છે, કેમકે સ્વભાવથી તો આ આત્મા પણ પરમાત્મા જેવો જ છે. પરમાત્માના ગુણોને ઓળખીને પરમાત્માનું સ્વરૂપ જે જાણે તેને આત્માનું પરમાર્થ સ્વરૂપ પણ જરૂર ઓળખાય છે, ને તેને ભવદુઃખનો અંત આવે છે.

જુઓ, ભાઈ! દુઃખ તો કોને પ્રિય છે! જગતમાં કોઈને દુઃખ વહાલું નથી. જ્ઞાનીઓને જગતના દુઃખી પ્રાણીઓ ઉપર કરુણાબુદ્ધિ વર્તે છે. પોતે અજ્ઞાનથી જે દુઃખનો ત્રાસ ભોગવ્યો ને હવે તે દુઃખથી છૂટયા,–તે દુઃખ બીજા પામે એવી ભાવના જ્ઞાનીને કેમ હોય? જ્ઞાનીને તો એવી સહજ કરુણા આવે છે કે અરેરે! આ જીવો બિચારા પોતાના સ્વરૂપને ભૂલી જઈને અજ્ઞાનને લીધે મહાન દુઃખમાં ડૂબેલા છે, એનાથી છૂટવાના ઉપાયની પણ તેમને ખબર નથી! હું જે પરિપૂર્ણ સુખને પ્રાપ્ત કરવા ચાહું છું તે સુખ બીજા જીવો પણ પામે–એમ જ્ઞાનીને તો અનુમોદના છે...કરુણા છે.

હે ભાઈ! મિથ્યાત્વનું આકરું ફળ છે, એમ જાણીને તું તે મિથ્યાત્વનું સેવન છોડી દે, ને આત્માનું સ્વરૂપ સમજ–જેથી તારું હિત થાય. આમ હિત માટે જ જ્ઞાનીનો ઉપદેશ છે.

જે જીવો સત્ય સમજે તેની બલિહારી છે...તેના સંસારનો એક–બે ભવમાં અંત આવી જશે.

આત્માનો પરિપૂર્ણ આનંદ જેમને પ્રગટી ગયો છે તે પરમાત્મા છે. તે પરમાત્મા પરિપૂર્ણ જ્ઞાનસહિત છે; અનાદિ અનંત કાળને જેમ છે તેમ પોતાના દિવ્યજ્ઞાનમાં પ્રત્યક્ષ જાણે છે. જેનો કયાંય છેડો નથી એવા અનંત અલોકાકાશને પણ પ્રત્યક્ષપણે પરિપૂર્ણ જાણે છે, એવું જ દિવ્યજ્ઞાનનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે. જ્ઞાને અનાદિઅનંત આકાશને પ્રત્યક્ષ જાણી લીધું માટે જ્ઞાનમાં તેનો છેડો આવી ગયો–એમ કાંઈ નથી; જો છેડો આવી જાય તો અનાદિ–અનંતપણું ક્યાં રહ્યું? માટે જ્ઞાને તો અનાદિઅનંતને અનાદિઅનંતરૂપે જ જેમ છે તેમ જાણ્યું છે.–આ જ્ઞાનનો કોઇ અચિંત્ય મહિમા છે. અજ્ઞાનીને અનાદિઅનંત કાળની મહાનતા ભાસે છે, પણ જ્ઞાનસામર્થ્યમાં તેના કરતાં અનંતગણી મહાનતા છે–તે તેને ભાસતી નથી; અને જ્ઞાનસ્વભાવનો મહિમા પ્રતીતમાં આવ્યા વગર આ વાતનું કોઈ રીતે સમાધાન થાય તેમ નથી. કાળનું અનાદિઅનંતપણું તેને મોટું લાગે છે પણ જ્ઞાનનું અનંત સામર્થ્ય તેને મોટું નથી લાગતું, એટલે જ 'અનાદિઅનંતને જ્ઞાન કઈ રીતે જાણે?' એમ તેને શંકા પડે છે; તેમાં ખરેખર તો જ્ઞાનસામર્થ્યની જ શંકા છે. કાળના અનાદિઅનંતપણા કરતાં જ્ઞાનસામર્થ્ય મોટું છે–એમ જો વિશ્વાસ આવે તો જ, તેને અનાદિઅનંતનું જ્ઞાન કઈ રીતે થાય છે તે ખ્યાલમાં આવે. અહા! અચિંત્ય જ્ઞાનસામર્થ્યમાં અનાદિઅનંતકાળ તો ક્યાંય સમાઈ જાય છે, ને કાળ કરતાંય અનંતગણું આકાશ પણ તેમાં પરિપૂર્ણ જણાઈ જાય છે. આવું મહાન જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ જેમને પરિપૂર્ણ પ્રગટી ગયા છે એવા પરમાત્માને ઓળખતાં અપૂર્વ ભેદજ્ઞાન અને શુદ્ધાત્મઅનુભૂતિ થાય છે.

સર્વજ્ઞની સ્તુતિ કરતાં સાધક કહે છે કે હે અરિહંત પરમાત્મા! આપ પોતે મોક્ષમાર્ગની વિધિ (અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) ને ધારણ કરીને મુક્તિ પામ્યા ને બીજા જીવોને પણ તે મુક્તિમાર્ગનું વિધાન કર્યું તેથી આપ જ અમારા વિધાતા છો; અમને મોક્ષમાર્ગમાં દોરી જનારા નેતા પણ આપ છો. (–મોક્ષ માર્ગસ્ય નેતારં...)

અતીન્દ્રિય આત્માથી વિરુધ્ધ ઇન્દ્રિયો, તેના વડે આત્મા ક્યાંથી જણાય? બહિરાત્મા પોતાના આત્મજ્ઞાનથી પરાંગ્મુખ વર્તતો થકો, ઇન્દ્રિયોદ્વારા શરીરાદિ બાહ્ય પદાર્થોને જ જાણવામાં તત્પર છે. આત્માને તો તે દેખતો નથી, તેથી તે શરીરને જ આત્મા તરીકે માની લે છે. તેને દેહાધ્યાસ થઈ ગયો છે, તેથી દેહથી પોતાનું **જુદાપણું** તેને ભાસતું જ નથી. જ્ઞાનને બહારમાં જ જોડે છે,–પણ અંદરમાં વાળતો નથી. બહારમાં ઇન્દ્રિયોના અવલંબને તો જડ દેખાય, કાંઈ આત્મા ન દેખાય; તેથી તે બહિરાત્માને શરીરથી પૃથક્ આત્માનું અસ્તિત્વ ભાસતું જ નથી, તે તો શરીરને જ આત્મા માને છે. અરે! કેવી ભ્રમણા! કે પોતાનું અસ્તિત્વ જ પોતે ભૂલી ગયો! ને જડમાં જ પોતાનું અસ્તિત્વ માની બેઠો!–એને સમાધિ ક્યાંથી થાય?

જીવસ્વરૂપનું જ્ઞાન તો અતીન્દ્રિય–અંતર્મુખ જ્ઞાનથી જ થાય છે. બહિર્મુખ – ઇન્દ્રિયજ્ઞાનથી થતું નથી. અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને જાણતો નથી, પણ ઇન્દ્રિયોને જ જ્ઞાનનું સાધન માને છે, એટલે ઇન્દ્રિયદ્વારા જણાતા આ દેહાદિને જ પોતાનું સ્વરૂપ માને છે. દેહાદિક તો જડ છે, તે કાંઈ આત્મા નથી, આત્માથી અત્યંત ભિન્ન છે. પણ અજ્ઞાનીને ઇન્દ્રિયજ્ઞાનદ્વારા દેહથી જુદો આત્મા દેખાતો નથી, તે દેહાદિ બાહ્ય પદાર્થને જ આત્મા માને છે,–માટે તે બહિરાત્મા છે. જ્ઞાનને અંતર્મુખ કરીને જાણે તો તે અતીન્દ્રિય જ્ઞાનવડે દેહાદિથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્માનું સ્વસંવેદન થાય, એટલે બહિરાત્મપણું ટળીને અંતરાત્મપણું થાય.

ઇન્દ્રિયોથી પાર એવા અતીન્દ્રિય–આત્મસન્મુખી જ્ઞાનવડે જ આત્મા સ્વસંવેદનમાં આવે છે, ને ત્યાં અતીન્દ્રિય શાંતિરૂપ સમાધિ પ્રાપ્ત થાય છે. બીજી કોઈ રીતે આત્માને સમાધિ કે શાંતિ થાય નહીં.

ભલે અભણ હોય–લખતાં વાંચતાંય આવડતું ન હોય, પણ જ્ઞાનને અંતર્મુખ કરીને ચૈતન્યવિષયને જો જાણે છે તો તેનું જ્ઞાન સાચું છે. તેનું જ્ઞાન મોક્ષનું કારણ છે. જે જ્ઞાન મોક્ષનું કારણ થાય તે જ સાચી વિદ્યા છે; એ સિવાય લૌકિક વિદ્યા ગમે તેટલી ભણે તો પણ આત્મવિદ્યામાં તો તે નપાસ જ છે, તેનું ભણતર કુવિદ્યા જ છે. અરે! પોતાના ચૈતન્યતત્ત્વને ચૂકીને દેહાદિમાં જ આત્મબુદ્ધિથી તે અજ્ઞાની જીવ ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણમાં મરી રહ્યો છે. એનાથી છૂટવાની ને આત્માનો આનંદ પામવાની જેને પિપાસા જાગી હોય, તેને દેહાદિથી વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવીને સંતો કહે છે કે–અપૂર્વ શાંતિ પામવા માટે આત્માને ઓળખો.

# વીરનિર્વાણમહોત્સવમાં વીરબાળકોનો ઉત્સાહ

“અહો, અમારા જીવનમાં અમારા ભગવાનનો અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ ઉજવવાનો આ સોનેરી સુઅવસર અમને મળ્યો છે” –એવા ઉલ્લાસભાવથી જૈનશાસનના નાના–મોટા બાળકો નિર્વાણમહોત્સવમાં જે સુંદર સાથ આપી રહ્યા છે તે નીહાળીને અમને ઘણો હર્ષ થાય છે અને અંતરમાં ભાવ જાગે છે કે ‘વાહ! બાળકો વાહ.... ’ ધન્યવાદ! આ પ્રસંગે નીચેના બાળકો દ્વારા અઢીહજાર પૈસા (રૂા. ૨૫) આત્મધર્મ બાલવિભાગની યોજનામાં આવ્યા છે, તેઓનાં નામ અહીં આપવામાં આવ્યાં છે.

(તા. ૧૧–૧–૭૫ થી–)

| | | |
|---|---|---|
| ૪૭૭ | નીતીન ચીમનલાલ શાહ | અમદાવાદ |
| ૪૭૮ | દાતારામ જૈન | – |
| ૪૭૯ | બ્ર. ઉષાબેન મયાચંદ શાહ | સોનગઢ |
| ૪૮૦ | ભારતીબેન સી. દેસાઇ | કલકત્તા |
| ૪૮૧ | શ્રી નિવાસ જૈન | મેરઠ |
| ૪૮૨ | વિનોદકુમાર પ્રદિપકુમાર જૈન | જબેરા |
| ૪૮૩ | અભયકુમાર સંતોષકુમાર જૈન | જબેરા |
| ૪૮૪ | કિરણકુમાર ચંદુલાલ સંઘવી | અમદાવાદ |
| ૪૮૫ | જ્યોતિબેન ચંદુલાલ સંઘવી | અમદાવાદ |
| ૪૮૬ | મુકેશકુમાર મનસુખલાલ જોબાળીયા | સોનગઢ |
| ૪૮૭ | ચીમનલાલ છોટાલાલ જોબાળીયા | સોનગઢ |
| ૪૮૮ | ક્ષમાદેવી જૈન | દિલ્હી |
| ૪૮૯ | જાનકીબાઈ ધર્મપત્ની નેમીચંદજી | શીવપુરી |
| ૪૯૦ | મનોજકુમાર પુત્રશ્રી નેમીચંદજી | શીવપુરી |
| ૪૯૧ | રેખાબેન અનોપકુમાર | અમેરીકા |
| ૪૯૨ | દિલીપકુમાર વૃજલાલ જૈન | વાંકાનેર |
| ૪૯૩ | શતીષકુમાર વૃજલાલ જૈન | વાંકાનેર |
| ૪૯૪ | શૈલાબેન ચંદ્રકાંત | (ચેમ્બુર) મુંબઈ |
| ૪૯૫ | નૈશદ હીરાલાલ ચીમનલાલ | અમદાવાદ |
| ૪૯૬ | વસંતબેન છબીલદાસ ડગલી | (મલાડ) મુંબઇ |
| ૪૯૭ | શીરામણીબેન રત્નબહાદૂર જૈન | – |
| ૪૯૮ | સ્વાધીનબેન પ્રકાશચંદ્ર જૈન | ખંડવા |
| ૪૯૯ | શ્રીમતી વિમળાબેન જૈન | જબેરા |
| ૫૦૦ | વિજયકુમાર પન્નાલાલ જૈન | જબેરા |
| ૫૦૧ | મહેશકુમાર તથા મુકેશકુમાર જૈન | અમદાવાદ |
| ૫૦૨ | રતનલાલ જૈન | રતલામ |
| ૫૦૩ | હરકુંવર જયંતિલાલ દોશી | ઘાટકોપર, મુંબઈ |
| ૫૦૪ | જીનેશકુમાર જૈન | મુંબઈ |
| ૫૦૫ | બાબુલાલ જ્ઞાનચંદ જૈન | બાંસગઢ |
| ૫૦૬ | હરિચરણદાસ જૈન | બાંસગઢ |
| ૫૦૭ | મણીબેન સોમચંદ ડગલી | વીંછીયા |

[ અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપર ]

## ( પૃ. ૭ થી ચાલુ )

[ ગુરુદેવદ્વારા ભક્તિ પૂર્ણ થયા બાદ તેઓશ્રીની આજ્ઞાનુસાર બેનશ્રી–બેને પણ ઘણા ઉલ્લાસપૂર્વક ભક્તિ કરાવીને, પ્રભુની વૈરાગ્યદશાનો આબેહુબ ચિતાર સહેસાવનમાં ખડો કરી દીધો હતો. ત્યારબાદ ગુરુદેવ સાથેની આ તીર્થયાત્રામાં હર્ષોપલક્ષમાં સેંકડો યાત્રિકોએ તીર્થયાત્રાફંડમાં દાનની રકમોની એવી રમઝટ બોલાવી કે તે લખવામાં પહોંચી ન શકાયું.... અંતે ફાળો લખવાનું બંધ કરીને ભક્તિ શરૂ કરવી પડી...અજમેરની ભજનમંડળીએ ભક્તિ કરાવી હતી. ત્યારબાદ નેમપ્રભુના ચરણની પૂજા થઈ હતી. ]

સહેસાવનમાં એક ઘૂમટી (દેરી) છે, તેના પાછળના ભાગમાં નેમિનાથપ્રભુના પ્રાચીન ચરણપાદૂકા છે. પૂ. ગુરુદેવ વગેરેએ ભક્તિપૂર્વક નેમચરણનો અભિષેક કર્યો. સહેસાવનના ઉપલા ભાગમાં એક બીજી ઘૂમટી છે,–જેમાં કેવળજ્ઞાન–કલ્યાણક તરીકેના શ્રી નેમનાથ ચરણોની સ્થાપના છે. ત્યાં પણ દર્શન કર્યા. આ રીતે ચારિત્રધામ અને કેવળજ્ઞાનધામની યાત્રા ગુરુદેવ સાથે કરીને આનંદ–મંગળનાં ગીત ગાતાં ગાતાં સૌ પહેલી ટૂંકે આવ્યા.

રાત્રે જિનમંદિરના ચોકમાં ખડ્ગાસન પ્રતિમાસન્મુખ ભક્તિ થઈ. તેમાં ‘दरबार तुमारा मनहर है...गीरनार तुमारा मनहर है...सिद्धिधाम प्रभुका मनहर है–ઇત્યાદિ ભજનો ઉપરાંત રાજુલ–બાબુલનો સંવાદ પણ ગાયો હતો. રાજીમતીના આ વૈરાગ્યધામમાં રાજુલના વૈરાગ્યપ્રસંગનો સંવાદ (રાજુલ–બાબુલ સંવાદ) શ્રોતાઓને વૈરાગ્યભાવનામાં ઝૂલાવતો હતો. વિવાહ કરવા આવેલા નેમનાથ જ્યારે પાછા ફરી જાય છે...ને મુનિદીક્ષા ધારણ કરે છે, ત્યારે સતી રાજીમતી વિલાપ કે આર્તધ્યાન નથી કરતી પરંતુ પોતે પણ વૈરાગ્ય પામીને પિતાજીને કહે છે કેઃ મારા નાથ જે માર્ગે ગયા...હું પણ તે જ માર્ગે જઇશ. ભગવાને સહેસાવનમાં જઈને ચારિત્રનો માર્ગ લીધો તો હું પણ તે જ માર્ગે જઇને અર્જિકા બનીશ....ને સ્ત્રીપર્યાય છેદીને એક ભવમાં મોક્ષને સાધીશ....ધન્ય છે કે મને સંયમનો અવસર મળ્યો....

અહા, ગીરનાર ઉપરની ભક્તિમાં નેમ–રાજુલના પાવનજીવનની વૈરાગ્યરસઝરતી ઝરમર આખાય પર્વતના વાતાવરણને શાંત–ગંભીર વૈરાગ્યમય બનાવી રહી હતી. કેવા મહાન આદર્શરૂપ છે–એ બંનેના જીવન! ત્રણ કલ્યાણકધામની યાત્રા પ્રસંગે ખરેખર અહીં જ્ઞાન–વૈરાગ્યભક્તિની ત્રિપુટીનો જીવંત ત્રિવેણીસંગમ થયો હતો....જે આત્માર્થીઓના જીવનને પાવન કરતો હતો.

આમ ગીરનાર ઉપરનો પ્રથમ દિવસનો કાર્યક્રમ પૂરો થયો....ને બીજે દિવસે સવારના મોક્ષધામમાં જવા માટે યાત્રિકો કટિબદ્ધ થયા....

## ગીરનાર યાત્રા -

**[ ચાલુ ]**

વીર સં. ૨૪૮૭ ના મહા સુદ ૧૨ ની સવારમાં પાંચમી ટૂંક તરફ યાત્રિકોએ પ્રસ્થાન કર્યું; નેમનાથપ્રભુ જ્યાંથી પંચમગતિ પામ્યા એવી આ પાંચમી ટૂંકનું વાતાવરણ દુન્યવી વાતાવરણથી પર છે.....અને જાણે કે સંસારથી જુદી જ જાતનું એવું મોક્ષપદનું ધામ છે–એમ તે દર્શાવી રહ્યું છે.

સવારમાં પવનના સખત વાવાઝોડાંની વચ્ચે પણ ગુરુદેવ સાથે યાત્રિકોની વણઝાર પાંચમી ટૂંક તરફ ચાલી...ખરેખર, જિનમાર્ગમાં સંતોની સાથે મોક્ષધામને સાધવા નીકળેલા આત્માર્થીઓને સંસારના ગમે તેવા વાવાઝોડાં પણ રોકી શકતા નથી...સૌને એક જ ધૂન હતી કે ગુરુદેવ સાથે સિદ્ધિધામમાં જવું. ઘણા તો વેલાવેલા પાંચમી ટૂંકે જઈને ગુરુદેવની રાહ જોતા બેઠા હતા...

આખાય ગીરનારનું દ્રશ્ય ખૂબ જ ગૌરવશાળી છે...એ જેવો ઉન્નત છે એવો જ ભવ્ય છે. બોંતેર કરોડ અને સાતસો મુનિઓની મોક્ષસાધનાનો ઇતિહાસ જેણે પોતાના ઉદરમાં સમાવી દીધો છે.–એની ગંભીરતાની શી વાત! જ્યાં તીર્થંકરના ત્રણ કલ્યાણક ઊજવાયા, જ્યાંથી નેમ–રાજુલે જગત સમક્ષ મહાન પવિત્ર આદર્શો રજુ કર્યા, જ્યાં ધરસેનસ્વામી જેવા અનેક સન્તોએ શ્રુતની સાધના કરી, કુંદકુંદાચાર્ય જેવા સમર્થ આચાર્યોએ સંઘ સહિત જેની યાત્રા કરીને દિ. જૈનધર્મના જયનાદ ફેલાવ્યા...એવા આ ગીરનારના ગૌરવની શી વાત! એના ઊંચા ઊંચા શિખરો, ઊંડી ઊંડી ગૂફાઓ, અને હજારો આમ્રવૃક્ષોથી શોભતા ઉપશાંત વનો ભાવિકહૃદયને મુગ્ધ બનાવે છે...તેમાંય ગુરુદેવ જેવા સંતો સાથે આત્માની ભાવના ભાવતાં ભાવતાં આ ગીરનારનો ખોળો ખૂંદતા હોઇએ..તે પ્રસંગની ઉર્મિઓની શી વાત! દૂરદૂરથી જ્યારે એ મોક્ષધામ દેખાયું ત્યારે ખ્યાલ આવ્યો કે આપણે કેટલે ઊંચે જવાનું છે! પરંતુ ગુરુ જેના માર્ગદર્શક હોય... ગુરુ જેને પોતાની સાથે જ લઈ જતા હોય તે શિષ્યને ઇષ્ટધામમાં પહોંચતાં શી વાર! ને ગુરુદેવ સાથેના ઉત્સાહમાં થાક પણ શેનો લાગે! થોડી જ વારમાં ગુરુદેવ સાથે પાંચમી ટૂંકે પહોંચી ગયા. ભગવાનના મોક્ષકલ્યાણકનું આ ધામ! અહીંથી બરાબર ઉપર (સમશ્રેણીએ) સિદ્ધાલયમાં ભગવાન બિરાજે છે. અહીં ગુરુદેવ સાથે મોક્ષધામ નીહાળવા માટે ભક્તોની ભીડ અપાર હતી....

પાંચમી ટૂંકે દેરીમાં નેમનાથ પ્રભુના ચરણોની સ્થાપના છે; તથા બાજુમાં

પર્વતના એક ભાગમાં તેમની પ્રતિમા કોતરેલી છે. જે હાલ જર્જરિત દશામાં હોવા છતાં નેમનાથ પ્રભુના મોક્ષગમનનો પાવન સન્દેશ સંભળાવી રહી છે.

ગુરુદેવ ભગવાનના ચરણ સમીપે બેઠા...પ્રભુચરણોમાં દર્શન કર્યા...ઉપર સિદ્ધાલય તરફ નજર કરીને નમસ્કાર કર્યા.....અને પછી, આ ભૂમિમાં ભગવાન નેમનાથે જે પદને સાધ્યું તે પદની ભાવના ભાવતાં ગુરુદેવે નીચેની ત્રણ કડી ગવડાવી–

**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે...**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને...**
**વિચરશું કવ નેમિપ્રભુને પંથ જો...**

ભાવના ભાવતાં ભાવતાં વચ્ચે આ તીર્થનો પરિચય આપતાં ગુરુદેવે કહ્યું: “જુઓ, દીક્ષા લઈને ચારિત્રદશામાં ઝૂલતા ઝૂલતા ભગવાન કેવળજ્ઞાન પામ્યા...પછી અહીં અજોગીપદ ધારણ કર્યું...ને ઊર્ધ્વગમનની સ્વભાવ શ્રેણીથી ભગવાન અહીંથી મોક્ષ પામ્યા....અહીંથી તેઓ સિદ્ધપદ પામ્યા. ત્યારે ઇન્દ્રો અહીં ઊતર્યા હતા, ને ભગવાનના મોક્ષનો મહોત્સવ કર્યો હતો. ઇન્દ્રે પોતાના હાથે અહીં નિશાની કરી હતી, એવું આ ધામ છે. તેના સ્મરણો અહીં ફરીને તાજા થાય છે.” ગુરુદેવના આવા ઉદ્‌ગારોથી યાત્રિકોને અત્યંત હર્ષ થયો હતો.

પંચમટૂંકે બેઠાબેઠા ગુરુદેવ સિદ્ધપદની ભાવના ભાવી રહ્યા છે ને યાત્રિકો ઝીલી રહ્યા છે–

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો...**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

**એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં...ગજાવગર ને હાલ મનોરથરૂપ જો...**
**તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો...પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો..**

નેમનાથ ભગવાન અહીં હતા, આત્મામાં રહેલી પરમાત્મશક્તિ પૂર્ણ પ્રગટ કરીને, અહીંથી તેઓ સિદ્ધાલયમાં ગયા..તેના સ્મરણ માટે આ જાત્રા છે.–આમ કહીને ગુરુદેવે ભાવપૂર્વક ફરીને ગાયું–

## પ્રભુ આજ્ઞાએ થાશું નિજસ્વરૂપ જો...

–આ રીતે આનંદપૂર્વક ગુરુદેવ સાથે ગીરનાર સિદ્ધિધામની યાત્રા કરીને સૌ પહેલી ટૂંક તરફ પાછા ફર્યા.....વચ્ચે ચોથી ટૂંક (કે જ્યાંથી કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્નસ્વામી મોક્ષ પામ્યા છે ને જ્યાં તેમના ચરણચિહ્ન તથા મૂર્તિ પર્વતની શિલામાં કોતરેલા છે) તેના દૂરથી દર્શન કર્યા; ત્રીજી ટૂંકે પણ કૃષ્ણપુત્ર શંબુસ્વામી વગેરે મુનિવરો મોક્ષ પામ્યા છે તેમના ચરણોના દર્શન કર્યા. આ ઉપરાંત અંબાજીના મંદિરનું અવલોકન કર્યું; કેમકે પ્રાચીન ઇતિહાસ અનુસાર કુંદકુંદસ્વામી જ્યારે ગીરનારજીની યાત્રાએ પધાર્યા અને શ્વેતામ્બરો સાથે મોટી ચર્ચા થઈ ત્યારે, આ મંદિરનાં સ્થાને અંબાદેવીએ દિગંબર જૈનધર્મની સત્યતાની સાક્ષી પૂરેલી...તેથી તે ઐતિહાસિક–સ્થળનું અવલોકન કરતાં કુંદકુંદસ્વામીના મહાન પ્રભાવનાં સુસ્મરણો તાજા થતા હતા.

આમ તીર્થંકરો–સંત મુનિવરોનાં સ્મરણો તાજા કરતાં કરતાં ને તેમના પુનિત ચરણોને પ્રણામ કરતાં કરતાં યાત્રા કરીને પહેલી ટૂંકે પાછા આવ્યા. અને પૂ. બેનશ્રીબેને ઉમંગભરી ભક્તિ દ્વારા ગુરુદેવ સાથેની યાત્રાનો ઉલ્લાસ વ્યક્ત કર્યો.

અહીં મહાન શ્રુતધર શ્રી ધરસેનાચાર્યદેવ જ્યાં ધ્યાન કરતા હતા, અને જ્યાં પુષ્પદંત–ભૂતબલિ મુનિવરોને ષટ્‌ખંડાગમનું જ્ઞાન આપ્યું હતું, તે ચંદ્રગૂફા પહેલી ટૂંકે દિગંબર જિનમંદિરની પાછળ થોડે દૂર આવેલી છે; આ ગૂફાનું સ્થાન ઘણું શાંત–સુંદર –રળિયામણું છે, તેમાં બે ખંડ છે. એક ખંડમાં ઘણા પ્રાચીન ચરણપાદુકા (જે ઘણું કરીને ધરસેનમુનિના હોવા જોઈએ તે) જર્જરિત દશામાં પડયા છે. ગૂફામાં બેઠા–બેઠા એક નાનીશી બારીમાંથી ગીરનારનો ભવ્ય દેદાર નજરે પડે છે...ને પુદ્‌ગલના આ ડુંગરાઓથી જુદો હું તો મારી ચૈતન્યગૂફામાં બિરાજું છું–એમ જગતથી જુદા ચૈતન્યની ભાવનાઓ જગાડે છે. પૂ. ગુરુદેવ વગેરે સં. ૧૯૯૬ માં આ ગૂફા જોવા પધાર્યા હતા; આ વખતે પણ તેઓને આ ગૂફા જોવા જવાનું મન હતું, પરંતુ ગૂફા સુધી જવાનો માર્ગ ઘણો જ વિકટ હોવાથી જવાનું બની શક્યું ન હતું, પણ બ્ર. હરિભાઈ, બ્ર. ચંદુભાઈ વગેરે કેટલાક ભાઈઓ ત્યાં ગયા હતા. મુંબઈના ફોટોગ્રાફર શ્રી પુનમભાઈ શેઠે આ ચંદ્રગૂફાની તથા તેમાં બિરાજમાન ચરણપાદુકાની ફિલ્મ પણ લીધેલી છે.

આ યાત્રાના પવિત્ર સ્મરણો નિમિત્તે 'સુવર્ણ સન્દેશ' માટે હસ્તાક્ષરની વિનંતિ કરતાં ગુરુદેવે ભાવભીના હસ્તાક્ષરો લખી આપ્યા...ગીરનાર ઉપર બેઠાબેઠા ગુરુદેવે લખેલા એ પાવન હસ્તાક્ષર આત્મધર્મ ગતાંકમાં આપવામાં આવ્યા છે.

ગીરનાર ઉપર ગુરુદેવનો સન્દેશ સાંભળવાની ઘણા યાત્રિકોને હાર્દિક ભાવના હતી, તેમ જ ત્યાંના કેટલાક ભાઈઓએ તે માટે વિનંતિ કરી હતી. આથી ગીરનાર ઉપર ગુરુદેવે વીસ મિનિટ પ્રવચન આપ્યું હતું, તેમાં તીર્થધામ એટલે શું ને તીર્થયાત્રા શા માટે? તે સંબંધી વિવેચન કરીને નેમનાથપ્રભુનું અધ્યાત્મિક જીવન પણ સમજાવ્યું હતું. ગીરનારધામમાં ગુરુદેવનો આ સન્દેશ સાંભળીને સૌને મહાન પ્રસન્નતા થઈ હતી..એ રીતે સિદ્ધિધામમાંથી સિદ્ધિનો ઉપાય લઈને સૌએ યાત્રા પૂરી કરીને તળેટી તરફ પ્રસ્થાન કર્યું...ગુરુદેવ પણ જિનમંદિરમાં નેમનાથ પ્રભુના દર્શન કરીને તળેટી તરફ પધાર્યા... પર્વત ઊતરતાં ઊતરતાં પૂ. બેનશ્રી તેમ જ પૂ. બેન ખૂબ જ આનંદકારી ભક્તિ કરાવતા હતા....તેમાંય પ્રશ્નોત્તરરૂપની ભક્તિ તો નેમનાથપ્રભુ પ્રત્યે, સિદ્ધપદ પ્રત્યે અને સાધક સંતો પ્રત્યે કોઈ અદ્‌ભુત ભાવો જગાડતી હતી; કોની જાત્રા કરી, કોની સાથે જાત્રા કરી, કેવા ભાવે જાત્રા કરી, ભગવાને શું ગ્રહ્યું ને શું છોડયું ?–ઇત્યાદિનું વર્ણન પૂ. બેનશ્રી–બેનના શ્રીમુખે સાંભળતાં–સાંભળતાં પહાડ ક્યારે ઊતરાઈ ગયો તેની ખબરેય ન પડી....નીચે ધર્મશાળા પાસે આવ્યા ત્યારે ગુરુદેવ સાથેની યાત્રાની પૂર્ણતાનો આનંદ વ્યક્ત કરતી અદ્‌ભુતભક્તિ કરાવી.....ને છેવટે જિનમંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનના દર્શન કરીને જયજયકારપૂર્વક યાત્રા પૂર્ણ કરી.

**પરમ વૈરાગી નેમિનાથ જિનેશને નમસ્કાર હો...**

**ગીરનાર તીર્થધામની યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો....**

**ગીરનારભૂમિને પાવન કરનાર સંતોને નમસ્કાર હો....**

### વિશ્વ-વાત્સલ્ય

## ज्ञानभावे बधा जीवो साधर्मी छे

જ્ઞાનસ્વરૂપની અપેક્ષાએ જોતાં જગતના બધા જીવો સહધર્મી છે. સમાનધર્મી છે, એટલે બધાય જીવોને સાધર્મી સમજીને, બધાયને જ્ઞાન–સ્વરૂપી સમજીને, કોઈના પ્રત્યે દ્વેષ કરવો ન જોઈએ, બધા જીવોને જ્ઞાન–સ્વરૂપી સમજવા એ વીતરાગી વિશ્વવાત્સલ્ય છે.

# જિનશાસનના અનેકાન્તઅનુસાર

## આત્માના અસ્તિત્વના નિર્ણયમાં આવતી ગંભીરતા

[ સોનગઢ-પોષ સુદ સાતમના રોજ સુરેન્દ્રનગરના ભાઈશ્રી ત્ર્યંબકલાલ હિંમતલાલ શાહના મકાન "સંત-સમીર" ના વાસ્તુ પ્રસંગે પ્રવચનમાંથી ( પ્રવ. ગા. ૧૧૫ ) ]

જે પોતાના આનંદને સાધવા માંગે છે તે પહેલાં સુખસ્વરૂપ એવા પોતાના આત્માના અસ્તિત્વને જાણે છે; આત્માનું અસ્તિત્વ કયા સ્વરૂપે છે? ને બીજા કયા પદાર્થો છે કે જેમના સ્વરૂપે આ આત્માનું અસ્તિત્વ નથી ? એમ અસ્તિ-નાસ્તિ વગેરે સ્વભાવોથી આત્માના સ્વરૂપનો નિશ્ચય કરીને, સ્વઘરમાં વાસ કરતાં અપૂર્વ શાંતિ થાય છે.

આત્મા 'છે' તે પોતાના જ્ઞાન-આનંદસ્વરૂપે 'સત્ છે'; પણ શરીરાદિ અચેતન-સ્વરૂપે 'નથી'. -આમ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાન્તસ્વભાવથી આત્માના સ્વરૂપનો નિશ્ચય થાય છે.

સૂક્ષ્મતાથી અંદરમાં જોઈએ તો, ચૈતન્યભાવની અસ્તિમાં રાગની નાસ્તિ છે. ચૈતન્યભાવ ચૈતન્યસ્વરૂપે છે, ને ચૈતન્યભાવ રાગરૂપે નથી; ચૈતન્યના ભાવમાં રાગભાવના કોઈપણ અંશને જે ભેળવે તેને ચૈતન્યસ્વરૂપનો સાચો સ્વાદ આવતો નથી, ચૈતન્યનું સાચું સ્વરૂપ તેને જાણવામાં આવતું નથી.

* જેમ ચેતન તે જડરૂપ નથી એટલે ચેતનપણે જેનું અસ્તિત્વ છે તે જ જડપણે નાસ્તિરૂપ છે, એમ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાન્ત સ્વયમેવ પ્રકાશે છે.

* તેમ ચેતનભાવ તે રાગરૂપ નથી, એટલે ચેતનની અનુભૂતિ તે રાગની અનુભૂતિ નથી; ચેતનભાવરૂપે પોતાનું અસ્તિત્વ જેને ભાસે છે તે રાગપણે પોતાના ચૈતન્યભાવને નાસ્તિરૂપ વેદે છે,-આ રીતે અસ્તિ-નાસ્તિસ્વરૂપે ચૈતન્યઅનુભૂતિ સ્વયમેવ પ્રકાશે છે.

અહો, અનંતધર્મ જેમાં સમાયેલા છે એવી અનેકાન્તવસ્તુનું સ્વરૂપ ઘણું ગંભીર છે, ભગવાન સર્વજ્ઞદેવે જિનશાસનમાં તેનું અલૌકિકસ્વરૂપ બતાવ્યું છે. અરે, ચૈતન્યસ્વરૂપ આત્માના અસ્તિત્વનો નિર્ણય કરવા જાય–તેમાં પણ જીવ–અજીવાદિ બધા તત્ત્વોનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જાય છે. વસ્તુસ્વરૂપનો એક બોલ નક્કી કરવા જાય ત્યાં તેમાં અનંતગુણની ગંભીરતા પોતાને ભાસે છે. ઓહો ! આ તો સર્વજ્ઞદેવે પ્રકાશેલું આત્માનું સ્વરૂપ !–પોતાના જ્ઞાનના વેદનમાં આવી શકે તેવું છે. સ્વસંવેદનથી આવા સ્વતત્ત્વનો નિર્ણય કરે ત્યાં પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ સર્વસ્વ પોતામાં જોયું, ને પોતાના કોઈપણ દ્રવ્ય–ગુણ કે પર્યાયને પરમાં શોધવાનું ન રહ્યું. આવા અનેકાન્તના બળથી ભેદજ્ઞાન કરતાં સ્વાશ્રયભાવરૂપ નિર્મળ જ્ઞાનઆનંદરૂપ પરિણમન થયું, તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આવ્યો; તે જીવે સ્વઘરમાં અપૂર્વ વાસ્તુ કર્યું.

પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપે વસ્તુનું અસ્તિપણું જ છે, ને અન્ય દ્રવ્ય–ગુણ – પર્યાયસ્વરૂપે વસ્તુ નાસ્તિરૂપ જ છે,–આવું જે અનેકાન્તતત્ત્વ સર્વજ્ઞદેવના શાસનમાં પ્રકાશ્યું છે તે એકાંતવાદના મોહરૂપ સમસ્ત વિરોધવિષને દૂર કરનારું છે ને ચૈતન્યતત્ત્વનો સમ્યક્ નિર્ણય કરાવીને આત્માનું અમૃત ચખાડનારું છે.

અહો, અનેકાન્ત તો ચૈતન્યના આનંદરસના અમૃત પીવડાવે છે.

* જ્યાં પોતાનું બધું સ્વરૂપ પોતામાં છે ત્યાં પોતામાં જ જોવાનું રહ્યું.

* જ્યાં પોતાના સ્વરૂપનો કોઈ અંશ બીજામાં નથી ત્યાં બીજામાં જોવાનું ન રહ્યું.

–આ રીતે અસ્તિ–નાસ્તિરૂપ અનેકાન્તસ્વરૂપનો નિર્ણય કરતાં પરાશ્રયબુદ્ધિરૂપ ઝેર નષ્ટ થઈ જાય છે; ને સ્વાશ્રયે સમ્યગ્દર્શનાદિ અમૃત પ્રગટે છે.

અહો, વીરનાથ ! આપનું અનેકાન્તશાસન કોઈ અદ્‌ભુત અલૌકિક છે...જીવને મહાન આનંદ દેનારું છે.

મારું અસ્તિત્વ મારામાં ને મારું અસ્તિત્વ પરમાં નહિ–એવા નિર્ણયમાં બધા તત્ત્વોનો નિર્ણય આવી જાય છે.

મારું અસ્તિત્વ મારામાં, એટલે મારા દ્રવ્ય–ગુણ–પર્યાય મારામાં, મારાથી જ સત્ છે;–એટલે ઉપાદાનનો આશ્રય થયો.

મારું તત્ત્વ પરમાં નાસ્તિરૂપ છે એટલે મારા કોઇ દ્રવ્ય–ગુણ–પર્યાય પરથી થતા નથી, એવા નિર્ણયમાં નિમિત્તાધીન વૃત્તિ છૂટી ગઈ, ને સ્વાશ્રયે આત્માના અતીન્દ્રિય–

અમૃતનો અનુભવ થયો. આનું નામ અનેકાન્ત! આ તીર્થંકરોનું શાસન! ને આ જ સર્વજ્ઞદેવનો ઇષ્ટ ઉપદેશ.

જૈનશાસન અનુસાર અનેકાંતમય વસ્તુસ્વરૂપના એક પણ બોલનો નિર્ણય કરે તો એકાંતવાદરૂપ મોહનો નાશ થઈને અમૃત ઝર્યા વગર રહે નહિ.

અનંત ગુણ વાળી વસ્તુ છે; તેમાંથી એક પણ બોલનો સાચો નિશ્ચય કરે ત્યાં અનંતગુણ તેમાં સમાઈ જાય છે. અનંતગુણમાંથી એક ગુણ જુદો પાડીને અનુભવમાં આવતો નથી. કોઈપણ ગુણ દ્વારા અભેદરૂપ વસ્તુને લક્ષગત કરતાં તેના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, ત્યાં મિથ્યાત્વનું ઝેર ઊતરી જાય છે.

આત્મા સ્યાત્ અસ્તિરૂપ છે; તે 'અસ્તિત્વ' માં અનંતગુણોનું સ્વરૂપ સમાયેલું છે. દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉત્પાદ–વ્યય–ધ્રુવ, જ્ઞાન–આનંદ વગેરે બધુંય 'હું સ્વરૂપે અસ્તિ છું. ' એમાં આવી જાય છે; પોતાના સ્વભાવનો કોઈ અંશ પોતાના અસ્તિત્વથી બહાર રહી જતો નથી; ને પર ચીજનો કોઈ અંશ પોતાના અસ્તિત્વમાં આવી જતો નથી.

'હું આત્મા છું'–એમ અસ્તિના સ્વીકારપૂર્વક સપ્તભંગીના બાકીના ભંગો સમજાય છે. આત્મા 'નથી'–એમ કહેતાં પણ નાસ્તિત્વ ધર્મવાળા આત્માનો સ્વીકાર આવી જ જાય છે. એક વસ્તુ અમુક જગ્યાએ કે અમુક સ્વરૂપે નથી એમ તેનું 'નાસ્તિત્વ' કહેતાં જ તે વસ્તુ બીજી જગ્યાએ કે બીજા સ્વરૂપે વિદ્યમાન છે–એમ તેના અસ્તિત્વનો સ્વીકાર પણ આવી જ જાય છે. જેણે ચેતનસ્વરૂપે આત્મા જોયો હોય તે તેનો નિષેધ કરી શકે કે 'આ શરીર છે તે આત્મા નથી. ' આ રીતે સ્વ–રૂપે અસ્તિના સ્વીકારપૂર્વક જ પરરૂપે તેની નાસ્તિ કહી શકાય છે.

અહો! જૈનશાસનની અનેકાન્ત–શૈલિ! તે વસ્તુના સ્વરૂપને અત્યંત સ્પષ્ટ સમજાવે છે. નવતત્ત્વમાંથી એક તત્ત્વનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં બધાય તત્ત્વનો સ્વીકાર તેમાં આવી જ જાય છે. જડને જડરૂપે જાણવા જાય ત્યાં ચેતનસ્વરૂપ આત્મા તેનાથી જુદો છે–એવું જ્ઞાન પણ તેમાં ભેગું આવી જ જાય છે. ચેતનના જ્ઞાન વગર જડનું જ્ઞાન પણ સાચું થાય નહિ. એક 'સત્' આત્મામાં દ્રવ્ય–ગુણ–પર્યાય બધુંય સમાઈ જાય છે, તેમજ પરથી નાસ્તિત્વરૂપ ધર્મ પણ તેમાં જ સમાઈ જાય છે.

અહો, સાધકના અનેકાંતમય શ્રુતજ્ઞાનની કોઈ બલિહારી છે કે વસ્તુમાં રહેલા અનંતધર્મોને બધાને તે એક સાથે સ્વીકારીને વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરી લ્યે છે.

ચૈતન્યના આનંદના અતીન્દ્રિયઅમૃતથી ભરેલું આવું અનેકાન્તજ્ઞાન ભવ્ય જીવો જિનશાસનના વશે પામો...જિનશાસનનો આશ્રય કરીને સમ્યગ્જ્ઞાન વડે મહા આનંદમય સ્વ–તત્ત્વને આજે જ અનુભવો.

**એ જ ભગવાન મહાવીરનો સન્દેશ છે.**

**એ જ નિર્વાણનો મંગલ ઉત્સવ છે.**

## 卐 સુખ માટે શરણઃ શુદ્ધોપયોગ-વીતરાગતા 卐

શુભ કે અશુભ, પુણ્ય કે પાપ, તેનું ફળ તો દુઃખ છે, તે બંનેથી રહિત એવો શુદ્ધઉપયોગ જ સ્વયં સુખ છે. માટે આ એક શુદ્ધોપયોગ જ મારું શરણ છે.

**વિદિતાર્થ એ રીત રાગ-દ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. (૭૮)**

**છઠ્ઠા ગુણસ્થાનનો શુભરાગ પણ મહા દુઃખસંકટનું કારણ છે- ત્યાં બીજા રાગ-દ્વેષભાવોનું તો શું કહેવું? એ તો દુઃખ છે જ.-**

–તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે (૨૭૨)

## * સ્વ–પરિવારની સંભાળ *

હે ભાઈ, જગતના બાહ્ય પરિવાર કરતાં અંતરમાં તારા આત્માનો ગુણપરિવાર ઘણો મોટો છે, એટલું જ નહિ પણ તે અત્યંત નજીકનો, સદાય સાથે રહેનારો પરિવાર છે. તો આવા મોટા નજીકના સ્વપરિવારને ભૂલીને તું બાહ્યપરિવારમાં કાં મોહ્યો? એકવાર તારા આત્મપરિવારને સંભાળ તો ખરો! તે તારો પરિવાર તને મહાન આનંદ આપશે.

# ત્રણે કાળે મોક્ષનો ઉપાય ભેદજ્ઞાન છે, તેના વડે જ વિષયોનો દાહ બુઝાય છે.

[ છહઢાળા-પ્રવચનમાંથીઃ અંક ૩૭૫ થી ચાલુ ]

જીવને સમ્યગ્જ્ઞાન જ પરમ સુખનું કારણ છે, જન્મ–મરણનો રોગ મટાડનાર તે અમૃત છે. તેના વગર સંસારમાં બીજું કોઈ શરણરૂપ નથી, માટે કરોડો ઉપાય વડે પણ આવું સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. ત્રણે કાળે મોક્ષનો ઉપાય સમ્યગ્જ્ઞાન જ છે–એમ કહીને તે સમ્યગ્જ્ઞાનનો વિશેષ મહિમા સમજાવે છે–

**જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં।**
**સો સબ મહિમા જ્ઞાનતની મુનિનાથ કહૈં હૈં।।**
**વિષયચાહ દવ-દાહ જગતજન અરણિ દઝાવે।**
**તાસ ઉપાય ન આન જ્ઞાનઘનધાન બુઝાવે ।।૮।।**

જે અનંતા જીવો પૂર્વે મોક્ષમાં ગયા છે, અત્યારે જાય છે અને ભવિષ્યમાં જશે–તે બધો સમ્યગ્જ્ઞાનનો જ મહિમા છે–એમ મુનિનાથ કહે છે. જેમ આગ અરણીના જંગલને બાળી નાંખે તેમ વિષયોની ચાહનારૂપી ભયંકર દાવાનળ સંસારી જીવોને બાળી રહ્યો છે, તેને આ જ્ઞાનરૂપી મેઘધારા જ બુઝાવીને શાંત કરે છે; જ્ઞાન સિવાય બીજો કોઈ તેનો ઉપાય નથી.

આત્માના સાચા જ્ઞાનવડે ચૈતન્યસુખનો અનુભવ જ્યાં સુધી ન થાય ત્યાંસુધી શુભ કે અશુભ પરવિષયોમાં સુખબુદ્ધિ રહ્યા જ કરે એટલે વિષયોની ચાહનાની બળતરામાં જીવ બળ્યા જ કરે, દુઃખી થયા જ કરે. પણ સ્વ–પરની ભિન્નતા જાણીને જ્યાં આત્માનું સમ્યક્જ્ઞાન થયું ત્યાં ચૈતન્યસમુદ્રની અગાધશાંતિ પોતામાં દેખી, વિષયોથી પાર સુખ પોતામાં દેખ્યું. તે અપૂર્વ ચૈતન્યરસની ધારા વડે વિષયોની ચાહ છૂટી જાય છે; સમ્યગ્જ્ઞાન થતાં આત્મા સિવાય બીજા કોઈ વિષયોમાં સુખબુદ્ધિ રહેતી નથી.

**જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહિ સહજ વૈરાગી;**
**જ્ઞાની મગન વિષયસુખમાંહી, યહ વિપરીત, સંભવે નાંહી.**

ત્રણેકાળે ભેદજ્ઞાન વડે ચૈતન્યસુખનો અનુભવ કરી કરીને જ જીવો મોક્ષમાં જાય છે. પરથી ભિન્ન ચૈતન્યતત્ત્વની લો લગાડીને જેણે સમ્યક્ જ્ઞાનજ્યોત પ્રગટ કરી તે જ જીવો મોક્ષસુખ પામ્યા, પામે છે ને પામશે. વિદેહક્ષેત્રમાં કે ભરતમાં ચોથાકાળે કે પંચમકાળે જે કોઈ જીવો મોક્ષ પામ્યા, પામે છે ને પામશે તેઓ જ્ઞાનના સેવનવડે મોક્ષ પામ્યા છે. પામે છે ને પામશે. મુનિનાથ શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે–

**અધિક શું કહેવું અરે! સિધ્યા અને જે સિદ્ધશે,**
**વળી સિદ્ધતા સૌ નરવરો, મહિમા બધો સમ્યક્ત્વનો.**

વળી અમૃતચન્દ્રસ્વામી પણ કહે છે કે–

**સિદ્ધો થયા જે જીવ તે સૌ જાણજો ભેદજ્ઞાનથી,**
**બંધ્યા અરે! જે જીવ તે સૌ ભેદજ્ઞાન-અભાવથી.**

સમ્યગ્દર્શન કહો, ભેદજ્ઞાન કહો કે જ્ઞાનની આરાધના કહો, તે જ મોક્ષનો ઉપાય છે. મુનિઓના નાથ આમ કહે છે કે જ્ઞાનની અનુભૂતિરૂપે પરિણમે તે જ મોક્ષનો હેતુ છે. –આમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેય સમાઈ જાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેય જ્ઞાનમય છે, રાગ વગરનાં છે, તેમાં રાગનો કોઈ અંશ સમાતો નથી. રાગથી ખસીને ચૈતન્યભાવમાં વસવું તે જ મોક્ષનો પંથ છે.

**સંતની વાત ટૂંકી ને ટચ; સ્વમાં વસ....પરથી ખસ.**

આખોય મોક્ષમાર્ગ જ્ઞાનમય છે. જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન, ને જ્ઞાનનું આચરણ, એ રીતે જ્ઞાનની અનુભૂતિમાં મોક્ષમાર્ગ સમાય છે. જ્ઞાનના અનુભવથી જુદું કોઇ મોક્ષનું કારણ નથી.

અહો, જ્ઞાનનો મહિમા તો જુઓ! જ્ઞાન એટલે આખો આત્મા; તેને ઓળખતાં સમ્યગ્જ્ઞાન થયું ને મોક્ષમાર્ગ ખુલ્યો; મુનિઓએ તેને મોક્ષના માર્ગમાં સ્વીકાર્યો. મુનિઓનો નાથ એવા અરિહંત ભગવંતોએ, તેમજ ગણધરદેવ વગેરે મોટામોટા મુનિવરોએ ભેદજ્ઞાનને જ મોક્ષનું કારણ જાણીને તેની પ્રશંસા કરી છે. આવા મોક્ષમાર્ગને ઓળખીને જે ભેદજ્ઞાન પ્રગટ કરે તેણે જ અરિહંતોની અને મુનિઓની આજ્ઞા સ્વીકારી છે જે આનાથી વિરુધ્ધ બીજી રીતે મોક્ષમાર્ગ માને, શરીરની ક્રિયાને કે શુભરાગને મોક્ષનું કારણ માને, તેણે

વીતરાગ મુનિઓની કે અરિહંતોની આજ્ઞા માની નથી. બાપુ! મોક્ષમાર્ગમાં અમે શુભરાગની પ્રશંસા નથી કરતા, અમે તો વીતરાગી જ્ઞાનની જ પ્રશંસા કરીએ છીએ. ચોથા ગુણસ્થાને જે સમ્યગ્જ્ઞાન છે તે પણ રાગથી ભિન્ન હોવાથી વીતરાગી જ છે.–આ સમ્યગ્જ્ઞાનનો મહિમા તો જાણે નહિ ને બહારમાં શુભરાગનો મહિમા કરીને તેમાં એકાકાર રહે તેવા જીવોએ ભગવાન અરિહંતના માર્ગને જાણ્યો નથી, મુનિઓએ તે ઓળખતો નથી, ને મુક્તિમાર્ગને પણ તે જાણતો નથી, ભાઈ! મુક્તિના મારગડા અંદર ચૈતન્યના સ્વભાવમાંથી આવે છે, રાગમાંથી નથી આવતા.

આત્માના સાચા જ્ઞાન વગર રાગની મીઠાશ છૂટે નહિ ને વિષયોની ચાહરૂપી આગ બુઝાય નહીં. જ્યાં ચૈતન્યની શાંતિરૂપ મેઘજળ નથી ત્યાં વિષયોમાં બળતા જીવોની આગ **ક્યાંથી** બુઝાય? બાપુ! આત્માને ભૂલીને તું સંસારમાં રાગની આગમાં બળી રહ્યો છો, [ राग आग दहे सदा, तातें समामृत सेवोए ] શુભ કે અશુભ રાગ તે આગ છે, તેમાં તું સદા બળી રહ્યો છો, માટે જ્ઞાનરૂપી અમૃતનું સીંચન કરીને તેને શાંત કર. બીજા કોઈ ઉપાયે તે બુઝાય તેમ નથી. જ્ઞાનવડે અંતરમાં ઊતરીને ચૈતન્યની શાંતિના સમુદ્રમાં ડુબકી માર, તો બાહ્યવિષયોની ચાહના મટી જશે ને તને પરમ શાંતિનું વેદન થશે. મહા શાંતિનો સાગર ચૈતન્ય–આત્મા છે, તેના શાંતરસના સીંચન વડે વિષયોની આગ બુઝાઈ જશે ને ચૈતન્યની પરમ શાંતિ તને અનુભવાશે. માટે તું સમ્યગ્જ્ઞાનની આરાધના કર.

અહીં આત્માના સમ્યગ્જ્ઞાનનો મહિમા બતાવીને તેની આરાધના કરવાનું કહે છે. –કોણ કહે છે? મુનિઓના નાથ કહે છે, એટલે કે જિનેન્દ્રદેવ અને ગણધરદેવ આ સમ્યગ્જ્ઞાનનો મહિમા કહે છે. હે ભવ્ય જીવો! ભેદજ્ઞાનવડે જ કલ્યાણ સધાય છે, માટે તમે કરોડો ઉપાય વડે પણ આત્માને જાણીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો.

## * સૌએ સાધવા જેવો એક મંત્ર *

ગૃહસ્થોને વિધવિધ પ્રકૃતિવાળા અનેક માણસોના પરિવાર વચ્ચે રહેવાનું હોય છે, અને છતાં પરિવારમાં સ્નેહ–શાંતિ–પ્રેમ રહ્યા કરે તે જોવાનું હોય છે. તો તે કઈ રીતે રહી શકે? તેનો એક મંત્ર જાણવા જેવો છે.

એક સદ્ગૃહસ્થ સેંકડો માણસોના પરિવાર વચ્ચે રહેતા હતા; વિધવિધ પ્રકૃતિના નાના–મોટા માણસોમાં રોજરોજ અવનવા પ્રસંગો બનતા, છતાં પરિવારમાં સર્વત્ર શાંતિનું વાતાવરણ રહેતું હતું–આ કારણે એ પરિવારની પ્રશંસાની સૌરભ સર્વત્ર પ્રસરી ગઈ હતી.

હવે બીજા એક પરિવારમાં બેચાર માણસો હતા, તેઓ પણ સંપીને સાથે રહી શકતા ન હતા, ને રોજ કાંઈ ને કાંઈ ક્લેશ થયા કરતો. એકવાર તે સદ્ગૃહસ્થના પરિવારની શાંતિ સાંભળીને આ પરિવારના માણસો તેનું રહસ્ય જાણવા માટે તેમની પાસે ગયા, અને તે વાત પૂછી.

ત્યારે તે વડીલ સદ્ગૃહસ્થે કહ્યું: ભાઈઓ, વિશાળ પરિવારની વચ્ચે પણ શાંતિ રહેવી એ કાંઈ બહુ અઘરી વાત નથી. તે માટે તેમણે એક કાગળમાં સો શબ્દ લખીને કહ્યું કે શાંતિ માટેનો મહાન મંત્ર મેં આમાં લખ્યો છે; તે મંત્ર વડે જરૂર તમારા પરિવારમાં પણ શાંતિ થશે.

તે માણસોએ ઘરે જઇને તે મંત્ર વાંચ્યો...સો વાર વાંચ્યો...ને તેઓ આશ્ચર્ય–ચકિત થઈ ગયા,–કે વાહ! આટલો સહેલો મંત્ર! અને તે મંત્રથી તરત જ તેમના પરિવારમાં શાંતિનું આનંદમય વાતાવરણ ફેલાઈ ગયું.–પાઠક! તને પણ તે મંત્ર જાણવાની ઉત્કંઠા થતી હશે. તો સાંભળ! તે સદ્ગૃહસ્થે કાગળમાં સો વાર એક જ મંત્ર લખ્યો હતો કે ‘સહનશીલતા...સહનશીલતા....સહનશીલતા...સહન.. ’

સહનશીલતા એક એવા મંત્ર છે કે, જ્યાં બીજા કોઈ ઉપાયો કામ ન કરે ત્યાંપણ તે મંત્ર કામ કરે છે. સર્વ પ્રસંગમાં ઉપયોગી એવા એ મંત્રનો પ્રયોગ કદી નિષ્ફળ જતો નથી. ગુરુદેવ પણ ઘણીવાર કહે છે કે જ્યાં બીજા બધા પ્રકારે નિરૂપાયતા હોય ત્યાં પણ સહનશીલતા તે અમોઘ ઉપાય છે.

સાચી સહનશીલતા રાગ–દ્વેષ વગરની હોવી જોઈએ, એટલે તે સહનશીલતાને આપણે વીતરાગી ક્ષમા પણ કહી શકીએ.

વીતરાગભાવ–રસિક સાધર્મીઓ! ગૃહવાસમાં ડગલે ને પગલે ઊભા થતા વિખવાદના પ્રસંગોની વચ્ચે, અશાંતિના ઘોર દુઃખમાંથી છૂટવા માટે તમે આ ‘સહનશીલતા’ મંત્રનો પ્રયોગ કરી જુઓ.....તે જરૂર સફળ થશે, તમારી શક્તિ રાગ–દ્વેષમાં વેડફાવી અટકી જશે, ને સર્વ શક્તિ આત્મહિત સાધવામાં કેન્દ્રિત થઈ જશે, એટલે શીઘ્ર જ આત્મહિત સાધીને તમે મહાન શાંતિની અનુભૂતિ કરશો–બસ, બીજું શું જોઈએ!

# પરદ્રવ્યથી ભિન્ન શુદ્ધાત્મતત્ત્વને જાણીને એકત્વભાવનામાં ઝુલતો આત્મા પ્રશંસનીય છે

[ સોનગઢમાં પોષ વદ સાતમના રોજ વાંકાનેરના શ્રીમતી સૌ. મુક્તાબેન ( નવલચંદ જગજીવન ) ના મકાન ‘જ્ઞાનપ્રકાશ’ ના વાસ્તુપ્રસંગે પ્રવચનઃ ( પ્રવચનસાર ગા. ૧૨૪ તથા ૧૨૬ ) ]

**જેણે પરદ્રવ્યોથી ભિન્નતાના ભેદજ્ઞાનદ્વારા પોતાના આત્માને જુદો તારવી લીધો છે, અને પોતાના સમસ્ત વિશેષ ગુણ-પર્યાયના સમૂહને પોતામાં જ સમાવીને એકત્વ પ્રાપ્ત કર્યું છે, એ રીતે એકત્વભાવનામાં પરિણમેલા આ મુમુક્ષુ જીવે શુદ્ધનયવડે મોહનું સામર્થ્ય નષ્ટ કરી નાખ્યું છે, ને ઉત્કૃષ્ટ વિવેક દ્વારા ( શુદ્ધોપયોગ દ્વારા ) પરથી ભિન્ન પોતાના શુદ્ધતત્ત્વને અનુભવમાં લીધું છે.-કુંદકુંદસ્વામી કહે છે કે-અહો, આવો જીવ ધન્ય છે..... પ્રશંસનીય છે.**

સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનમાં સ્વ-પર જ્ઞેયોનું જેવું સ્વરૂપ સાક્ષાત્ જાણ્યું ને દિવ્યધ્વનિરૂપ પ્રવચનમાં કહ્યું, તેનો સાર આ ‘પ્રવચનસાર’ માં કુંદકુંદઆચાર્યદેવે સંઘર્યો છે.

જ્ઞાયકભાવસ્વરૂપ પોતાનો આત્મા તે સ્વતત્ત્વ છે; ને અન્ય જીવ-અજીવ સમસ્ત પદાર્થો તે પરજ્ઞેયો છે. આવા સ્વ-પર સમસ્ત પદાર્થો પોતપોતાના કર્તા છે, અન્ય કોઈ તેનો કર્તા નથી.

ઉપયોગસ્વરૂપ આત્મા છે, તેના શુભ-અશુભ કે શુદ્ધોપયોગ પરિણામ તે તેનું કર્મ ( કાર્ય ) છે, તેનો કર્તા જીવ છે. તેની ક્રિયા ને તેનું ફળ પણ તેનામાં છે. તેમાં ધર્મીની શુદ્ધોપયોગરૂપ જે ક્રિયા છે તે મોક્ષ દેનારી છે; તે ક્રિયા સંસારના ફળને ઉત્પન્ન કરનારી ન હોવાથી નિષ્ફળ કહેવાય છે. અજ્ઞાની જ્ઞાનચેતનાને ચુકીને શુભાશુભરાગક્રિયાને કરે છે તેનું ફળ સંસાર છે, મોક્ષને માટે તે ક્રિયાઓ નિષ્ફળ છે.

શુદ્ધોપયોગ ક્રિયા છે તે રાગ–દ્વેષ વગરની છે, સમભાવરૂપ સામાયિક તે શુદ્ધોપયોગમાં સમાય છે, તે તો અતીન્દ્રિયસુખરૂપ ફળ સહિત હોય છે. શુદ્ધોપયોગ–ધર્મ અને તેનું ફળ આનંદ બંને એકસાથે જ છે. ધર્મ અત્યારે કરે ને ફળ પછી આવે–એમ ભેદ નથી. જે ક્ષણે સમ્યગ્દર્શન થયું તે જ ક્ષણથી અતીન્દ્રિય શાંતિનું વેદન થવા માંડે છે. અને જે શુભાશુભ પરિણામ છે તેનું ફળ સુખથી વિપરીત એવું દુઃખ છે. લોકોએ શુભરાગને ધર્મ માની લીધો છે, પણ બાપુ! જેનું ફળ સંસાર અને દુઃખ–એને ધર્મ કોણ કહે? ધર્મ તો તેને કહેવાય કે જે જીવને સાક્ષાત્ સુખમાં સ્થાપે ને સંસારથી ઉદ્ધાર કરે.

પુણ્ય અને સ્વર્ગના વિષયો તે કાંઈ જીવને સુખ આપતા નથી; ચૈતન્યનો પોતાનો સુખસ્વભાવ છે, તે પોતે જ પોતાના શુદ્ધોપયોગવડે સુખરૂપ પરિણમે છે.–એ જ ધર્મની ક્રિયા છે ને એ જ તેનું ફળ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેને 'જ્ઞ' કહેવાય છે. જ્ઞ એટલે જ્ઞાનભાવ, જ્ઞાનચેતના, તે આત્માનું સ્વરૂપ છે; રાગ–દ્વેષ તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. રાગ–દ્વેષનો નાશ થતાં પણ આત્માનું જ્ઞ–સ્વરૂપ આખેઆખું રહે છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણતાં ધર્મીને રાગ વગરની જે જ્ઞાનચેતના પ્રગટી તે નિરંતર વર્ત્યા કરે છે. આવી ચેતના તે ધર્મી–આત્માનું કર્મ છે, તેના તે કર્તા છે, તેનું ફળ જે અનાકુળ લક્ષણ સૌખ્ય છે તે પણ આત્મા જ છે; આત્માથી જુદું નથી.

અહો, પ્રભુનો માર્ગ તો જગતથી જુદો છે; પ્રભુનો માર્ગ તો મહા આનંદમય છે; શુદ્ધોપયોગ આત્માવડે કરાય–તે જ પ્રભુનો માર્ગ છે. રાગ તે કાંઈ પ્રભુનો માર્ગ નથી, એ તો સંસારનો માર્ગ છે. ભાઈ, તેં જિનેશ્વરદેવનો સાચો માર્ગ કદી જાણ્યો નથી, એમ ને એમ રાગ કરીકરીને સંસારમાં જ તું રખડયો છે. વીતરાગની વાણી તો મોહને તોડીને મોક્ષમાર્ગ ખોલનારી છે.....વીતરાગનો માર્ગ એ તો શૂરવીરોનો માર્ગ છે.–( હરિનો મારગ છે શૂરાનો.... )

ભાઈ, તને આ મનુષ્ય અવતારમાં આત્મહિતનો અવસર મળ્યો છે; તો તું હિતનો સાચો માર્ગ તો જાણી લે. જે ભાવમાં તને આત્માની શાંતિ ન મળે તે ભાવને ધર્મ કેમ કહેવાય? શુભાશુભભાવો કર્મની સમીપતામાં નીપજેલા છે ને તેનું ફળ દુઃખ છે, તેમાં સુખ નથી. અને ચૈતન્યભાવરૂપ જે જ્ઞાનચેતના છે તે કર્મ સાથે સંબંધ વગરની છે, તે કર્મોથી દૂર ને આત્માની સમીપ છે; તેમાં અતીન્દ્રિયસુખ છે. સ્વઘરમાં વાસ્તુ

તેને કહેવાય કે જેમાં આવું સુખ મળે. 'જ્ઞાનનો પ્રકાશ' કહો 'ચૈતન્યધામ' કહો કે અતીન્દ્રિયસુખ કહો,–તે જ આત્માનું સ્વઘરમાં વાસ્તુ છે. બાકી રાગ અને તેનાં ફળ સ્વર્ગાદિ તે તો પરઘર છે, તેમાં વાસ્તુ તે તો દુઃખ છે. સ્વઘર ચૈતન્યધામ, તેને ઓળખતાં ને તેમા વસતાં જ્ઞાનપ્રકાશ પ્રગટયો ને અતીન્દ્રિય સુખ થયું–તે ધર્મીનું અપૂર્વ વાસ્તુ છે.

* * *

મારા કર્તા–કર્મ–ક્રિયા ને તેનું ફળ બધું મારા આત્મામાં છે, પુદ્ગલમાં તે નથી. આમ સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને, પોતાની પર્યાયોને પોતામાં જ અંતર્લીન કરતો જીવ, અન્યના સંગથી રહિત શુદ્ધતારૂપે પરિણમે છે.

આ રીતે સ્વ–પર તત્ત્વની વહેંચણી કરીને સ્વજ્ઞેયરૂપ આત્માનું શુદ્ધપણું (એટલે કે પરથી **જુદાપણું**) નક્કી કર્યું; શુદ્ધઆત્માના નિશ્ચયવડે જ્ઞાનતત્ત્વની સિદ્ધિ થઈ, શુદ્ધાત્માની અનુભૂતિ થઈ, સમ્યગ્દર્શન થયું.....હવે તે જીવ અન્યરૂપે નહિ પરિણમતો થકો શુદ્ધઆત્માને અનુભવતો થકો મોક્ષને સાધે છે. આ રીતે શુદ્ધઆત્માનો નિર્ણય કરવો તે પ્રશંસનીય છે. એવો નિર્ણય કરનાર જીવને સમ્યક્ત્વાદિ આનંદમય સ્વપરિણતિ થઈ છે ને તેને તે પોતે સ્વસંવેદનથી અનુભવે છે.

અહો, જેણે પરથી ભિન્ન શુદ્ધાત્મતત્ત્વનો નિશ્ચય કરીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું, ને પર્યાયને અંતરમાં લીન કરીને આત્માને શુદ્ધપણે અનુભવમાં લીધો તે જીવને કુંદકુંદ–સ્વામી જેવા સંતો પણ ધન્યવાદ આપે છે, તેની પ્રશંસા કરે છે.–

**'કર્તા-કરમ-ફળ-કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી,**
**જીવ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. (૧૨૬)**

સ્વ–પરની અત્યંત ભિન્નતાનું જ્ઞાન કર્યું ત્યાં પરદ્રવ્ય સાથેનો સંબંધ ન રહ્યો, એટલે પોતાની પર્યાયો પોતાના સ્વદ્રવ્યમાં જ અભેદપણે લીન થઈ, એટલે શુદ્ધપરિણમન થયું, એ જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે, ને તે પ્રશંસનીય છે.

પહેલાં અજ્ઞાનથી પર સાથે સંબંધ માનતાં આત્માની પરિણતિ રાગથી રંગાયેલી મલિન હતી, ત્યારે પણ તે પોતે જ એકલો જ વિકારી ચૈતન્યભાવરૂપે પરિણમતો થકો ને દુઃખફળ ભોગવતો થકો સંસારમાં રખડતો હતો; ત્યારે પણ બીજું કોઈ તેનું ન હતું.

અને હવે ભેદજ્ઞાનવડે પોતાને પરથી અત્યંત ભિન્ન જાણીને, પર સાથે સંબંધ વગર પોતે પોતાની શુદ્ધચેતનાપરિણતિરૂપે પરિણમ્યો, ત્યારે આ મોક્ષની સાધકદશામાં

પણ મારો આત્મા એકલો જ વિશુદ્ધચેતનાનો કર્તા થઈને તે–રૂપે પરિણમતો થકો, અને અતીન્દ્રિયસુખરૂપ ફળને ભોગવતો થકો એકલો જ મોક્ષને સાધી રહ્યો છે. અત્યારે મોક્ષમાર્ગમાં પણ હું એકલો જ છું, બીજું કોઈ મારું નથી.

–આમ પોતે પોતાના એકત્વને જ ભાવતો મુમુક્ષુજીવ, છૂટા પરમાણુની માફક, પોતાની એકત્વભાવનામાં જ વર્તતો થકો પરદ્રવ્ય સાથે જરાય સંપૃક્ત થતો નથી એટલે કે તેને કર્મનો સંગ થતો નથી; તેની પર્યાયો શુદ્ધ થઈને પોતામાં જ અભેદ થઈ હોવાથી, પર્યાયોવડે તે ખંડિત થતો નથી; આ રીતે તે એકલો સુવિશુદ્ધ હોય છે.–આવી દશા પ્રશંસનીય છે; તે જ મોક્ષનું સાધન છે.

જેણે પરદ્રવ્યોથી ભિન્નતાના ભેદજ્ઞાન દ્વારા પોતાના આત્માને જુદો તારવી લીધો છે, અને પોતાના સમસ્ત વિશેષ ગુણ–પર્યાયોના સમૂહને પોતામાં જ સમાવીને એકત્વ પ્રાપ્ત કર્યું છે, એ રીતે એકત્વભાવનામાં પરિણમેલા આ મુમુક્ષુજીવે શુદ્ધનયવડે મોહનું સામર્થ્ય નષ્ટ કરી નાંખ્યું છે, ને ઉત્કૃષ્ટ વિવેક દ્વારા (શુદ્ધોપયોગ દ્વારા) પરથી ભિન્ન પોતાના શુદ્ધ તત્ત્વને અનુભવમાં લીધું છે.–કુંદકુંદસ્વામી કહે છે કે અહો, આવો જીવ ધન્ય છે.....પ્રશંસનીય છે.

| ધરતીકંપ | સમ્યગ્દર્શન |
|---|---|
| ❀ હિમાલયમાં મોટી તીરાડ પડી. | ❀ મોહપર્વતમાં મોટી તીરાડ પડી. |
| ❀ નદીએ વહેણ બદલ્યું. | ❀ પરિણતિએ પ્રવાહ બદલ્યો. |
| ❀ નવીન તળાવનું સર્જન થયું. | ❀ શાંતરસના તળાવનું સર્જન થયું. |
| ❀ કેટલાય ગામો નાશ પામ્યા. | ❀ કેટલીયે કર્મપ્રકૃતિ નાશ પામી. |

હમણાં સમાચારપત્રોમાં ઉથલપાથલના મોટા સમાચાર આવ્યા હતા કે તા. ૧૯ જાન્યુઆરીએ હિમાલય પ્રદેશમાં ધરતીકંપ થતાં નદીનું વહેણ બદલાઈ ગયું; નવું તળાવ રચાયું; હિમાલય પહાડમાં હજારો ફૂટ લાંબી તીરાડ પડી; કેટલાય ગામો જમીનદોસ્ત થયા.

એક નાનોશો ધરતીકંપ થતાં કેવી મોટી ઉથલપાથલ થઈ જાય છે તે જગતને દેખાય છે...

એવી રીતે આત્મા જ્યારે પોતાનું આત્મહિત કરવા માટે મોહકર્મના હિમાલય ઉપર શુદ્ધોપયોગરૂપ વજ્રનો પ્રહાર કરે છે, ને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે અંતરમાં અસંખ્ય ચૈતન્યપ્રદેશોમાં અભૂતપૂર્વ ધરતીકંપવડે કેવી મોટી ઉથલપાથલ થાય છે–તે તો જ્ઞાની જ જાણે છે.–અને એવા ધરતીકંપના સમાચાર લૌકિક સમાચારપત્રોમાં તો ક્યાંથી આવે? આપણું 'આત્મધર્મ' એક જ એવું પત્ર છે કે તે એવા અભૂતપૂર્વ ધરતીકંપના સમાચાર આપી શકે છે.

કોઈ અપૂર્વ ધન્યપળે ચૈતન્યના અસંખ્યપ્રદેશમાં સમ્યગ્દર્શન થતાં મોહપર્વતમાં એવી મોટી તીરાડ પડી ગઈ કે હવે ફરી કદી સંધાશે નહિ. પર્વતના બે કટકા થયા તે રેણવડે સંધાય નહિ તેમ ભેદજ્ઞાનરૂપી ધરતીકંપવડે જ્ઞાન અને રાગની સાંધ તૂટીને બે કટકા થયા, તેને હવે ફરીને કદી એકતા થાય નહિ. સમ્યગ્દર્શનનો ધરતીકંપ થતાં જ આત્માની પરિણતિએ પોતાનું વહેણ બદલ્યું,–પર તરફ જતા વહેણ હવે પલટીને અંતરમાં સ્વતરફ વળ્યા; પહેલાં જ્યાં કષાયનું ધખધખતું રણ હતું. ત્યાં હવે શાંતિનું સરોવર રચાઈ ગયું. અનંતાનુબંધીથી વસેલા બધાય ગામો (મિથ્યાત્વાદિ કર્મો) નાશ પામી ગયા. આખો હિમાલય કટકેકટકા થઈને ઊડી જાય તેના કરતાંય મોટો ધરતીકંપ ચૈતન્યના અસંખ્યપ્રદેશે અનુભૂતિમાં સમ્યગ્દર્શન થતાં થઈ જાય છે, પણ એ પરિવર્તન અંદરની અનુભૂતિમાં જ દેખાય છે. મહાન ઉથલપાથલ થઈ જાય છે. ચૈતન્યના એ ધરતીકંપનો એક નાનોશો આંચકો પણ આખા સંસારનો દરિયો ઉથલાવીને સિદ્ધપદનું શિખર ઊભું કરી દેવાની તાકાતવાળો છે. બહારના ત્રણલોકના ખળભળાટ કરતાંય મોટો એ વખતે ચૈતન્યમાં આનંદનો કોઈ જુદો જ ખળભળાટ થાય છે. વાહ, ચૈતન્યના એ ધરતીકંપની શી વાત!!

**[પૃષ્ઠ-૩૫ નું ચાલુ]**

બંધુઓ, તમે ઉત્સાહી છો, બુદ્ધિમાન છો, શક્તિવાળા છો....તે શક્તિ–બુદ્ધિ – ઉત્સાહનો સર્વોત્તમ ઉપયોગ કરી તમે વીરમાર્ગમાં પ્રગતી કરી શકો એવો આ નિર્વાણ– મહોત્સવનો અવસર છે.–અવસર ચુકશો મા!–ધન્યવાદ!

[હાલ ટૂંકામાં પાંચ વાત લખી છે. વિશેષ અવારનવાર તમારો ઉત્સાહ દેખીને લખતા રહેશું....ને તમને માર્ગદર્શન આપતા રહેશું, તમે પણ વિચારો, તમારા પ્રશ્નો, તમારી ઉમંગભરી ભાવનાઓ અમને લખજો, જયમહાવીર –તમારો ભાઈઃ હરિ.

# ભગવાન મહાવીર ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવ પ્રસંગે

# યુવાનોને આહ્વાન

## તમારી મહાન શક્તિના ઉત્તમ ઉપયોગનો સુઅવસર

## [ સમ્પાદકીય ]

હમણાં ગુજરાતના યુવાનોએ રાજક્ષેત્રે પરાક્રમ કરી બતાવ્યું....યુવાનો ધારે તો શું કરી શકે છે! તેની જગતને પ્રતીતિ થઈ..–જૈનબંધુઓ! જૈનયુવાનો! આપણે તો મહાવીરપ્રભુના સન્તાન છીએ; આપણે તો જૈનશાસન માટે, એટલે કે આપણા પોતાના હિતને માટે ઘણું મહાન કાર્ય કરવાનું છે, અને તે માટે અત્યારે સુઅવસર આવ્યો છે.

* આપણા ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા તેના અઢીહજારવર્ષની પૂર્ણતાનો ભવ્ય ઉત્સવ અત્યારે આપણે ઉજવી રહ્યા છીએ. આપણા જીવનમાં આવેલા આ મહાન ઉત્સવમાં તમે જે કાંઈ કરવા ધારો તે કરી શકો છો. તમારી વીરતા બતાવવા માટે જૈનશાસનનું મેદાન ખુલ્લું છે. આવો, તમારી મહાન શક્તિને કામે લગાડો....શાસનના ઉત્તમ અને મહાન કાર્યો કરવા માટે અમે તમને આહ્વાન આપીએ છીએ. જોઈએ તો ખરા કે વીરના સન્તાન થઈને શાસનના કાર્યોમાં તમે કેવીક બહાદુરી બતાવી શકો છો!

* તમે કહેશો, કે તમારી વાત સાંભળીને અમને ચાનક ચડે છે; શાસન માટે અમે જરૂર કંઈક કરી બતાવવા માંગીએ છીએ.–પણ અમારે કરવું શું!–તેની સૂઝ પડતી નથી. કહો, –અમને બતાવો–અમારે શું કાર્ય કરવાનું છે? એકવાર અમને કાર્ય સોંપો ને માર્ગ ચીંધો, – પછી જોઈ લ્યો અમારો સપાટો ને ઝપાટો!

* 'વાહ યુવાન વાહ! ' તારી વીરતા જાગતી દેખીને આનંદ થાય છે. તારે કાંઈક કરવું જ છે ને!–તો સાંભળ! વીરશાસનના વીરપુત્ર તરીકે તારા હિત માટે તારે શું કરવાનું છે –તે તને બતાવું છું:–

(૧) પહેલાં તો હૃદયમાં એ વાત કોતરી રાખ કે, હું વીરનો સંતાન છું એટલે વીરપ્રભુના જૈનમાર્ગમાં હું ચાલીશ; વીરના માર્ગને છોડીને બીજા કોઈ માર્ગમાં જઈશ નહિ. મારું આચરણ, રહેણી–કરણી–ન્યાયનીતિ, બધું એવું રાખીશ કે જે વીરમાર્ગમાં શોભે. જગતની ખોટી પંચાતમાં પડીશ નહિ; આત્મહિત માટે વીરના માર્ગે જ આગળ વધીશ.

(૨) તત્ત્વઅભ્યાસઃ જીવાદિ તત્ત્વોનું જે સ્વરૂપ ભગવાન મહાવીરે જૈનસિદ્ધાંતમાં બતાવ્યું છે તેનો અભ્યાસ કરજે,–કેમકે તે સુખી જીવનનું મૂળ છે. જૈનશાસનમાં

વીર નાથભગવાને જે વીતરાગી ઉત્તમ સદાચારો સમ્યગ્દર્શનાદિ બતાવ્યા છે, સત્ય અહિંસા બતાવ્યા છે–તેની પ્રતીત કરીને ઉત્સાહપૂર્વક તેનું પાલન કરવાનો પ્રયત્ન કરજે. વીતરાગી તત્ત્વોનો ખૂબ અભ્યાસ કરજે. દેહથી ભિન્ન આત્મતત્ત્વ કેવું છે? આપણા પંચપરમેષ્ઠી (દેવ–ગુરુ) ભગવંતો કેવા મહાન છે! તે બરાબર ઓળખજે. તું ગમે તેવી પરિસ્થિતિમાં હો તોપણ અંતરની ખટક રાખીને ધર્મતત્ત્વના અભ્યાસમાં જરાય ઢીલો થઈશ મા.

(૩) ઉત્તમ આચરણ: આપણા ભગવાન મહાવીર વીતરાગ......આપણે તેમનાં સંતાન, એટલે આપણે વીતરાગના સંતાન! વીતરાગના સંતાનને શોભે એવા ઉત્તમ આચરણવાળું જીવન રાખજે. દુનિયાની લોલુપતાથી દૂર રહેજે; કષાયોના ક્લેશથી દૂર રહેજે. શાંત–શાંત જીવન રાખજે. કોઈ સાથે વેરનું બીજ અંતરમાં રાખીશ નહિ. સર્વત્ર ભ્રાતૃભાવથી રહેજે.

(૪) પરસ્પર પ્રેમ–સહકાર: આજના જમાનામાં આ સૌથી ઉપયોગી અંગ છે; જેટલી તત્ત્વજ્ઞાનની જરૂર છે એટલી જ ધર્મવાત્સલ્યની જરૂર છે. સાધર્મીની શોભા માટે તારાથી જે કાંઈ થઈ શકે તે બધુંય કરજે. સહન કરવાનો પ્રસંગ આવે તો સહન કરજે, પણ કોઈ સાધર્મીથી ખોટું લગાડીને કુસંપ વધારીશ નહીં. સમાજમાં પણ સહકારથી સાથે રહેવામાં જૈનસમાજની શોભા છે. યુવાનો! તમે શ્વેતામ્બરમાં હો કે દિગંબરમાં હો,–જો તમે યુવાનપેઢી દેશ–કાળની પરિસ્થિતિનો વિચાર કરીને સદ્‌બુદ્ધિ વાપરીને સંપથી રહેશો તો એકંદર બંને પક્ષને ફાયદો જ થશે, ને અરસ–પરસ પ્રેમ – વાત્સલ્ય–સહકારથી જૈનસમાજ શોભશે. આપણે અંદરોઅંદર ઝગડીએ, તેમાં કરોડો રૂપિયા ખરચીએ–વરસો સુધી હેરાન થઈએ–ને આપણો ન્યાય કોઈ ત્રીજા અન્યમતી લોકો કરે–એ તો શરમાવા જેવી વાત છે! શાંતિમાં જ મજા છે, લડવામાં મજા નથી – ભલે વિજય થાય તોપણ!

(૫) સ્વરાજ્ય લેવા માટે ગાંધીજીના જમાનામાં દેશદાઝવાળા લોકો ગાતા કે–

**ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે....**

આજે મહાવીર–નિર્વાણના ૨૫૦૦ વર્ષીય મહોત્સવ પ્રસંગે, મોક્ષનું રાજ્ય લેવા માટે મોક્ષાર્થી જૈનયુવાનોને હાકલ પડી છે કે–

**અવસર આવ્યો જૈનબંધુ તમે જાગજો રે...**
**ડંકો વાગ્યો...મહાવીરને મારગ આવજો રે...**
**તોડી પાડો....અનાદિ મિથ્યા ભાવને રે...ડંકો વાગ્યો૦**
**માથું મેલો....ઓળખવા આત્મભાવને રે...ડંકો વાગ્યો૦**

[ શેષ ભાગ પૃષ્ઠ–૩૩ ઉપર ]

## ( અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ- )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૦૮ | ભારતીબેન જૈન ( ઘાટકોપર ) | મુંબઈ | ૫૧૫ | મનોજ પ્રમોદરાય જૈન | વડીયા |
| ૫૦૯ | મંજુલાબેન રસીકલાલ ( ઘાટકોપર ) | મુંબઈ | ૫૧૬ | હેમેંદ્ર પ્રમોદરાય જૈન | વડીયા |
| ૫૧૦ | લલીતાબેન બાબુલાલ ગાંધી ( ઘાટકોપર ) | મુંબઈ | ૫૧૭ | દક્ષાબેન તથા દિપક વછરાજ | અમેરીકા |
| ૫૧૧ | અતુલકુમાર જગજીવનદાસ કામદાર | ગઢડા | ૫૧૮ | રેખાબેન દોશી | નાગપુર |
| ૫૧૨ | દિગંબર જૈન મહિલા આશ્રમ | દિલ્હી | ૫૧૯ | કમલ વછરાજ પારેખ | રાજકોટ |
| ૫૧૩ | જયેશ મનહરલાલ જૈન | વડીયા | ૫૨૦ | રૂપાબેન વછરાજ પારેખ | રાજકોટ |
| ૫૧૪ | વિપુલ મોહનલાલ જૈન | વડીયા | | ( તા. ૮–૨–૭૫ સુધી ) | |

## * આત્મધર્મ-પ્રચાર ખાતે આવેલ રકમો *

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૦૧, | કેશવલાલ વૃજલાલ કોઠારી | મોડાસા | ૫૧, | સ્વ. અંજવાળીબેન જૈન | મીયાગામ |
| ૪૦૧, | ચંદ્રકાંત જૈન | ભીલાઈ | | ( હ. શ્રી શીવલાલ નાગરદાસ જૈન ) | |
| ૪૦૧, | મગનલાલ લક્ષ્મીચંદ જૈન | – | ૫૧, | ત્રંબકલાલ હિંમતલાલ ઘડીયાલી | વઢવાણ |
| ૧૦૦, | હરજીવનદાસ કાળીદાસ જૈન | ચોટીલા | ૫૬, | સેજલબેન હસમુખરાય સી. શાહ | ધ્રાંગધ્રા |
| ૪૦૧, | પ્રેમીલાબેન જે શાહ | સીકંદરાબાદ | ૨૧, | એક બ્રહ્મચારીબેન | સોનગઢ |
| ૨૦, | સુકુમાર જૈન | મેરઠ | ૫૧, | ચંપાબેન તલસાણીયા | મુંબઈ |
| ૫૧, | દિગંબર જૈન મુમુક્ષુ મંડળ | મદ્રાસ | ૫૧, | કસ્તુરબેન લોદરીયા | સોનગઢ |
| ૪૦૧, | દયાકુમાર પાનાચંદ કામદાર | બરોડા | ૫૧, | કિશોરભાઈ પ્રેમચંદભાઈ | નાઈરોબી |
| | ( હ. મનુભાઈ કામદાર ) | | ૧૧, | સંજયકુમાર રતીલાલ | ( ઘાટકોપર ) મુંબઈ |
| ૧૦૧, | એસ. પી. મોહનલાલજી જૈન | બેંગલોર | ૫૧, | હૈદરાબાદ મુમુક્ષુ મંડળ | હૈદરાબાદ |
| ૫૧, | કિશોરકુમાર મોતીલાલ મહેતા | – | ૫૧, | બ્ર. આશાબેન જાદવજીભાઈ | ટીંબડીયા |

( તા. ૮–૨–૭૫ સુધી આવેલી રકમો )

## અમે જિનવરના સંતાન ( બાલવિભાગના નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ( અંક. નં. ૩૫૪ થી ચાલુ ) | | ૩૪૪૭ | વીપુલકુમાર મનહરલાલ જૈન | અમરેલી |
| ૩૪૪૨ | મીતેશભાઈ ધીમંતકુમાર જોબાલીયા | મુંબઈ | ૩૪૪૮ | મનોજકુમાર પ્રમોદરાય જૈન | અમરેલી |
| ૩૪૪૩ | રૂપલબેન ધીમંતકુમાર જોબાલીયા | મુંબઈ | ૩૪૪૯ | હેમેન્દ્રકુમાર પ્રમોદરાય જૈન | અમરેલી |
| ૩૪૪૪ | સોનલબેન ધીમંતકુમાર જોબાલીયા | મુંબઈ | ૩૪૫૦ | ઇલાબેન મનહરલાલ જૈન | અમરેલી |
| ૩૪૪૫ | પરેશકુમાર ચંપકલાલ જૈન | અમદાવાદ | ૩૪૫૧ | વર્ષાબેન મનહરલાલ જૈન | અમરેલી |
| ૩૪૪૬ | જયેશકુમાર મનહરલાલ જૈન | અમરેલી | ૩૪૫૨ | સેજલબેન મનહરલાલ જૈન | અમરેલી |

# ગીરનાર-સિદ્ધક્ષેત્રમાં મંગલ - પ્રતિષ્ઠા મહોત્સવ

## તીર્થરાજની ઉલ્લાસભરી યાત્રા; મહાવીર-ધર્મચક્રનું આગમન

વીર સં. ૨૫૦૧ મહા સુદ બીજથી પાંચમ સુધી ગીરનાર સિદ્ધક્ષેત્રની તળેટીમાં પૂ. શ્રી કહાનગુરુની મંગલછાયામાં અનેક ઉમંગભર્યા ઉત્સવો થયા. નેમપ્રભુની પ્રતિષ્ઠા થઈ,–નુતન માનસ્તંભમાં જિનબિંબ સ્થાપન થયું; સહસ્રઆમ્રવન તથા પંચમટૂંકની તીર્થયાત્રા થઇ; મહાવીર ધર્મચક્રનું સાતસો યાત્રિકોના સંઘસહિત આગમન થયું, જૈનશાસનના સારભૂત 'જ્ઞાયકભાવ' ના રણકારથી ગીરનારપર્વત ગુંજી ઊઠયો. સર્વપ્રકારે આવું ધાર્મિકવાતાવરણ દેખીને એવી ઊર્મિ જાગતી હતી કે વાહ રે વાહ! સંતોની સાધનાભૂમિ તનેય ધન્ય છે!–વાહ ગીરનાર વાહ! ( –બ્ર. હ. જૈન )

મહા સુદ બીજની સવારમાં ગુરુદેવ સાથે ભાવભીના ચિત્તે નેમિનાથપ્રભુને યાદ કરતાં કરતાં કલ્યાણકધામ ગીરનારમાં આવ્યા....નેમપ્રભુની વેદીપ્રતિષ્ઠાનો મંગલ ઉત્સવ ચાલી રહ્યો હતો. મંગલ સ્વાગતવિધિ બાદ નેમપ્રભુના ભાવભીના દર્શન કર્યા. પછી શ્રીમંડપમાં મંગલ સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે સર્વજ્ઞસ્વભાવી આત્મા છે, તે સર્વજ્ઞસ્વભાવ નેમિનાથે આ ગીરનાર ભૂમિમાં ખોલ્યો, ને દિવ્યધ્વનિ વડે જગતને બતાવ્યો. એવા સ્વભાવની શ્રદ્ધા કરતાં પોતાને સમ્યગ્દર્શન અને આનંદરૂપ સાધકદશા પ્રગટી તે અપૂર્વ મંગળ છે. સમ્યગ્દર્શન તે સિદ્ધપદની તળેટી છે, તે જ સિદ્ધક્ષેત્રની યાત્રાનો સાચો પ્રારંભ છે, ભગવાન નેમિનાથ અને બોંતેર કરોડ–સાતસો મુનિવરો અહીંથી સિદ્ધપદ પામ્યા, તેના સ્મરણરૂપ આ યાત્રા છે.

શુભ–અશુભ કષાયભાવો દુઃખ છે, તેનાથી પાર શાંતસ્વરૂપ ચેતના છે; અહો! આવા સ્વભાવની જ્ઞાનકળા પ્રગટી ત્યાં મોક્ષનો ઉત્સવ શરૂ થયો. સમ્યગ્દર્શન કર્યું તે તે જીવ મોક્ષની તળેટીમાં આવી ગયો. અહીંથી નેમપ્રભુ મોક્ષ પધાર્યા છે ને આ તેની તળેટી છે. સમ્યગ્દર્શન કરીને જે મોક્ષની તળેટીમાં આવ્યો તેને હવે મોક્ષધામમાં પહોંચતાં ઝાઝીવાર નહીં લાગે. અહા, જેની તળેટીમાં આવતાં પણ અપૂર્વ આનંદનો

અંશ પ્રગટે છે તે મોક્ષસુખની શી વાત! અજ્ઞાન–દુઃખને ગાળીને જે આવું અપૂર્વ સુખ પ્રગટયું તે મંગળ છે.

મંગલાચરણ બાદ નેમપ્રભુના પ્રતિષ્ઠા મહોત્સવના મંગલ પ્રારંભમાં ધર્મધ્વજ–આરોહણવિધિ પૂ. ગુરુદેવના મંગલ સુહસ્તે (બ્ર. હરિભાઈ જૈન તરફથી) થઈ હતી. ગીરનાર–તીર્થધામમાં પૂ. ગુરુદેવના સુહસ્તે ધર્મધ્વજ ફરકતો દેખીને સૌને પ્રસન્નતા થતી હતી. ત્યારબાદ ભગવંત પંચ–પરમેષ્ઠીનું પૂજન થયું હતું. બપોરે પ્રવચનમાં સમયસારની છઠ્ઠી ગાથામાં ‘જ્ઞાયકભાવ’ દર્શાવતાં ગુરુદેવે કહ્યું કે–આ તો નેમિનાથપ્રભુના મોક્ષનું ધામ છે, તે મોક્ષધામની તળેટીમાં સમયસારની આ છઠ્ઠી ગાથા વંચાય છે. તેમાં કેવો આત્મા જાણવાથી મોક્ષ થાય? તે વાત કુંદકુંદસ્વામીએ દેખાડી છે. વિદેહક્ષેત્રમાં બિરાજમાન સીમંધરભગવાનની સાક્ષાત્ વાણી ઝીલીને આચાર્યદેવે આ શાસ્ત્રો રચ્યાં છે, તેમાં આત્માના પ્રચુર સ્વસંવેદન સહિતના આત્મ–વૈભવથી એકત્વ–વિભક્ત જ્ઞાયકભાવ દેખાડયો છે.

અહા, જ્ઞાયકભાવ!–જે શુભાશુભથી પાર છે, જેમાં સુંદર આનંદ ભરેલો છે, તેનો અનુભવ કરવાનો આ અવસર છે. બાપુ! ચારે ગતિમાં તું અનંત અવતાર કરી ચુક્યો, પણ ચૈતન્યની શાંતિ તેનાથી પાર કોઈ અલૌકિક ચીજ છે. ચૈતન્યભાવરૂપ આત્માનું સ્વસંવેદન થતાં સમ્યગ્દર્શનમાં પણ આનંદનું કોઈ અપૂર્વ ઝરણું ઝરે છે. ને પછી મુનિદશાના મહા આનંદની તો શી વાત? આવી આનંદદશાવાળા ભગવાન નેમિનાથ આ ગીરનારમાં બિરાજતા હતા. તેની આ ચોથી વખત યાત્રા કરવા આવ્યા છીએ. પહેલી સં. ૧૯૯૬ માં, બીજી ૨૦૧૦ માં, ત્રીજી ૨૦૧૭ માં અને ચોથી યાત્રા આ ૨૦૩૧ માં થાય છે. મહાવીર ભગવાનના ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવના વર્ષમાં આ નેમપ્રભુના નિર્વાણધામની યાત્રા થાય છે તથા માનસ્તંભમાં નેમપ્રભુની મંગલ પ્રતિષ્ઠા થાય છે. કુંદકુંદાચાર્યદેવે પણ આ ગીરનારતીર્થની યાત્રા કરી હતી. તેમણે બતાવેલો ‘જ્ઞાયકભાવ’ નો આ મંત્ર મિથ્યાત્વના ઝેરને ઊતારી નાંખે છે. ભાઈ! તું એકવાર આ મંત્ર સાંભળ! તારું ભવચક્ર અટકી જશે, ને ધર્મચક્ર શરૂ થશે.

સંસારભ્રમણનું કારણ કષાયચક્ર છે, શુભ ને અશુભ તે બધા ભાવો કષાયચક્રથી થનારા છે, જ્ઞાયકભાવરૂપે શુદ્ધ આત્માને દેખો તો તે શુભાશુભરૂપ થયો નથી, તેને ઉપાસવામાં આવતાં તે સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપે જ અનુભવાય છે; ને આવી અનુભૂતિ

તે ભગવાનનું ધર્મચક્ર છે. કષાયચક્રને નાશ કરનારું આ ધર્મચક્ર છે, તે 'જ્ઞાયકભાવ' ની ઉપાસનાથી એટલે કે અનુભૂતિથી ચાલે છે.

મહા સુદ ત્રીજની સવારમાં ગુજરાત પ્રદેશના 'મહાવીર ધર્મચક્ર' નું યાત્રાસંઘ સહિત ગીરનારધામમાં આગમન થયું...ધર્મચક્ર દેખીને સૌને આનંદ થયો...ગુરુદેવ ધર્મચક્રના રથમાં થોડીવાર બેઠા....અહો, વીરનાથ ભગવાન! આપનું ધર્મચક્ર આજ પણ ચાલી રહ્યું છે ને એ ધર્મરથમાં બેસીને મુમુક્ષુ જીવો આપના મોક્ષમાર્ગમાં ચાલી રહ્યા છે. ગુજરાતનું આ ધર્મચક્ર સાતસો જેટલા સાધર્મી યાત્રિકો સહિત ભારતના અનેક પ્રાંતોમાં ફરશે ને ઠેરઠેર મહાવીરપ્રભુનો સન્દેશ સંભળાવશે. તલોદમાં આ ધર્મચક્રનું ઉદ્ઘાટન શ્રી પ્રકાશચંદજી જૈન શેઠી (મધ્યપ્રદેશના મુખ્યમંત્રી) દ્વારા થયું હતું. આ પ્રસંગે મધ્યપ્રદેશના મુખ્યમંત્રીજીએ મધ્યપ્રદેશની સરકાર તરફથી ગુજરાત પ્રદેશને રૂા. પચાસહજાર દુષ્કાળરાહતફંડમાં આપવાની જાહેરાત કરી હતી. ભારતમાં અત્યારે મુખ્ય પાંચ મહાવીર ધર્મચક્ર ચાલી રહ્યા છેઃ પ્રથમ ધર્મચક્ર દિલ્હી–પાટનગરથી ચાલુ થયું–જેનું ઉદ્ઘાટન ભારતના વડાપ્રધાન શ્રીમતી ઇંદિરાબેન ગાંધીએ કર્યું હતું. બીજું ઇંદોર શહેરથી શરૂ થયું છે; ત્રીજું શ્રવણબેલગોલથી ચાલી રહ્યું છે; ચોથું ધર્મચક્ર રાજગૃહી તીર્થધામથી ચાલુ થયું છે ને પાંચમું ગુજરાતપ્રદેશનું ધર્મચક્ર ફત્તેપુરથી શરૂ થયું છે. ઠેરઠેર અભૂતપૂર્વ જાગૃતી આવી રહી છે, ને ધર્મચક્રનું ધામધૂમપૂર્વક સન્માન થઈ રહ્યું છે. આપણે પણ મહાવીરભગવાનના જયકાર સહિત તેમના ધર્મચક્રને આનંદથી વધાવીએ છીએ ને ભાવના ભાવીએ છીએ કે જિનેન્દ્રભગવાનનું ધર્મચક્ર આખા દેશમાં પ્રવર્તો ને જગતના જીવોનું કલ્યાણ કરો.

ગીરનારધામમાં એકસાથે ત્રણ ભવ્ય કાર્યક્રમો ચાલી રહ્યા છે–એક તો નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ; (આ જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ ભોપાલના શેઠશ્રી બિહારીલાલજી જૈન તરફથી થયો હતો.) બીજું–ગુરુદેવ સાથે ગીરનારતીર્થની ભાવભીની યાત્રા; ત્રીજું–અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ–અંતર્ગત 'મહાવીર–ધર્મચક્ર' નું સંઘસહિત આગમન.

મહા સુદ ત્રીજની બપોરે ૧૨ વાગે ગુરુદેવે ગીરનાર–આરોહણનો પ્રારંભ કર્યો.... ગુરુદેવને અને સાથેના ભક્તોને પણ તીર્થયાત્રાનો ઘણો ઉલ્લાસ હતો. બે વાગે પહેલી ટૂંકે પહોંચીને તુરત સહસ્રઆમ્રવન તરફ પ્રસ્થાન કર્યું. અહો, નેમનાથ ભગવાન જ્યાં દીક્ષા લઈને મુનિ થયા, અને જ્યાં ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાની–સર્વજ્ઞ થયા ને જ્યાંથી દિવ્યધ્વનિવડે જગતને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો ઉપદેશ દીધો–તે પવિત્રધામમાં જઈ

રહ્યા છીએ–ત્યારે ભાવ પણ તેવા જ પવિત્ર થાય છે...અને ભાવની પવિત્રતા તે જ ઉત્તમ તીર્થયાત્રા છે.

હવે સહસ્રઆમ્રવનમાં શ્રીગુરુ સાથે નેમપ્રભુના ચરણે બેઠા છીએ...પ્રભુના વૈરાગ્યધામમાં ને કેવળજ્ઞાનના ધામમાં ગુરુદેવ સાથે અનેરા જ્ઞાન–વૈરાગ્યના ભાવો જાગે છે; ગુરુદેવ પ્રમોદથી નેમપ્રભુને વારંવાર યાદ કરે છે કે અહીં જ ભગવાનનું સમવસરણ હતું. 'બાલબ્રહ્મચારી જિણંદપદધારી... ' એ સ્તવન ગવડાવ્યું હતું; પછી પૂ. બેનશ્રી–બેને પણ ઉલ્લાસથી ભક્તિ કરાવી હતી.....સહસ્રઆમ્રવનનું વાતાવરણ જ કોઈ અનેરું છે. ત્યાંની યાત્રા કરીને જિનમંદિરમાં (પહેલી ટૂંકે) નેમપ્રભુની ભાવભીની ભક્તિ કરી. ઘણા યાત્રિકો પહેલી ટૂંકે જ રાત રોકાયા; ગીરનાર ઉપરની કડક ઠંડી વચ્ચે પણ નેમપ્રભુના ગુણસ્મરણવડે આખી રાત પસાર કરી...ક્યારે સવાર પડે ને ક્યારે પંચમ ટૂંક પર જઈને સિદ્ધક્ષેત્રની યાત્રા કરીએ–એવી ઉત્સુકતાથી યાત્રિકો ઊંઘ્યા પણ નહીં. સવારમાં પાંચમી ટૂંકે પહોંચી ગયા...નેમપ્રભુની મૂર્તિ પહાડમાં કોતરેલી છે તેની સન્મુખ ભક્તિભાવથી અર્ઘ ચડાવ્યો. આ ટૂંકે જોકે નેમપ્રભુના ચરણપાદૂકા બિરાજે છે પરંતુ દેશકાળઅનુસાર આજે તેની વ્યવસ્થા આપણા હસ્તકમાં રહી નથી. છતાં તે આપણને આપણા નેમનાથ પ્રભુના મોક્ષનું સ્મરણ તો કરાવે જ છે.–આપણા પ્રભુને આપણા હૃદયમાંથી કોઈ દૂર કરી શકે તેમ નથી. પાંચમી ટૂંકની યાત્રા કરીને પહેલી ટૂંકે જિનમંદિરમાં અભિષેક થયો. પ્રથમ અભિષેકની બોલી છોટાલાલ ડામરદાસભાઈની પુત્રીઓએ લીધી હતી, ને કહાન ગુરુના મંગલહસ્તે જિનેન્દ્રઅભિષેકનો પ્રારંભ થયો હતો. ગીરનાર ઉપર આવો જિનેન્દ્રઅભિષેક દેખીને સૌને આનંદ થયો હતો. ઘણા યાત્રિકો ચોથી ટૂંક (પ્રદ્યુમ્નસિદ્ધિધામ) ની યાત્રાએ પણ ગયા હતા. અહીં પર્વતમાં જ જિનમૂર્તિ કોતરેલી છે–જે બરાબર પંચમટૂંકની મૂર્તિ જેવી છે. તથા ચરણપાદુકા પર્વતમાં કોતરેલા છે. ચોથી અને પાંચમી ટૂંકની એકસરખી રચના દેખીને ખ્યાલ આવી જાય છે કે આ બંને રચના એક જ વખતે થયેલ છે. બરાબર એવી બીજી બે જિનમૂર્તિ પર્વતના જુદાજુદા ભાગમાં (એક ત્રીજી ટૂંક પછી પાંચમી તરફ જતાં રસ્તામાં ડાબી તરફ, અને બીજી નીચેથી પહેલી ટૂંકે જતાં પોણાભાગ પછી જમણી તરફ) છે; બીજી મૂર્તિ ઉપર સં. ૧૪ એમ કોતરેલ છે.

આનંદપૂર્વક મહાન તીર્થધામની યાત્રા કરીને, ગુરુદેવ સાથે પૂ. બેનશ્રી–બેનની વિધવિધ ભક્તિ ઝીલતા...ઝીલતા નીચે આવી પહોંચ્યા અને નેમપ્રભુના જય–જયકારપૂર્વક યાત્રા પૂર્ણ થઈ.

**ધ્રુવ અચલ ને અનુપમ ગતિ પામેલ નેમિનાથને**
**વંદી કરું હું સિદ્ધિયાત્રા શુદ્ધ-સમ્યક્ ભાવથી....**
**પ્રભુ નેમિનાથ મુનિ થયા અરિહંતને વળી સિદ્ધ જ્યાં...**
**વંદી કરી મેં તીર્થયાત્રા, કહાનગુરુ સાથમાં...**

તીર્થયાત્રા, પ્રતિષ્ઠામહોત્સવ અને મહાવીરધર્મચક્ર–એવા ત્રણે મંગલ પ્રસંગમાં ભાગ લેવા આવેલા બે હજાર જેટલા યાત્રિકોથી તીર્થધામનું વાતાવરણ ઘણું પ્રસન્નકારી હતું; વળી ગુરુદેવ પ્રવચનમાં જ્ઞાયકભાવની સાથેસાથે વારંવાર નેમિનાથભગવાનને યાદ કરીને ગીરનારતીર્થનો મહિમા કરતા હતા....જે સાંભળતાં એમ થતું હતું કે વાહ રે વાહ તીર્થરાજ! તારો મહિમા કોણ ન કરે? બોંતેર કરોડ ને સાતસો સર્વજ્ઞભગવંતોના અતીન્દ્રિય આનંદથી સ્પર્શાયેલી આ તીર્થભૂમિને કોણ ન વંદે! અહા, આવા મહાન તીર્થમાં જ અત્યારે ગુરુદેવ સાથે બેઠા છીએ ને આનંદથી પ્રભુના સિદ્ધિપંથમાં યાત્રા કરી રહ્યા છીએ.

**શ્રમણો-જિનો-તીર્થંકરો આ રીતે સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા નમું તેમને....નિર્વાણના એ માર્ગને.**
**સિદ્ધિ વર્યા નમું તેમને, નિર્વાણના આ ધામને.**

મહા સુદ પાંચમે પ્રવચન બાદ નેમિનાથ ભગવાનના ભવ્ય (સોનગઢના પરમાગમ મંદિરમાં જેવડા મહાવીર ભગવાન બિરાજે છે તેવડા મોટા ભવ્ય) જિનબિંબનું સ્થાપન થયું, માનસ્તંભમાં ઉપર–નીચે નેમિનાથભગવાનની પ્રતિષ્ઠા થઈ; તેમજ ગીરનારથી મોક્ષગામી શંબુકુમાર અનિરૂદ્ધકુમાર અને પ્રદ્યુમ્નકુમારની પ્રતિમાનું સ્થાપન થયું. આ રીતે આનંદપૂર્વક પ્રભુની પ્રતિષ્ઠાનો મંગલ ઉત્સવ પૂર્ણ થયો. તેની ખુશાલીમાં સાંજે ધર્મચક્રસહિત જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા જુનાગઢ શહેરમાં નીકળી હતી; અદ્ભુત ઉલ્લાસભરેલી મહાન રથયાત્રા દેખીને સૌને આનંદ થતો હતો. ગીરનારનો ઉત્સવ પૂરો કરીને ગુરુદેવ સોનગઢ પધાર્યા હતા (ને આપ જ્યારે વાંચતા હશો ત્યારે ગુરુદેવ સુરત થઈને ભોપાલ પધાર્યા હશે ને ત્યાં મહાવીરપ્રભુના પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલી રહ્યો હશે.

**જિનેન્દ્રભગવાનના કલ્યાણક જગતનું કલ્યાણ કરો.**
**સર્વજીવસુખકારી વીરનાથનું ધર્મચક્ર સદાય સર્વત્ર પ્રવર્તમાન હો.**

# આત્માની આરાધના

હે જીવ! તું જગતનો રાજા....ચેતનરાજા! જગતમાં સૌથી શ્રેષ્ઠ–શોભાવાળું તત્ત્વ તું પોતે! જગતના બધા પદાર્થો કરતાં ચૈતન્યલક્ષણવડે તારી જે એક અનેરી મહત્તા – વિશેષતા છે, તે મહાનતાને તું જાણ....

તારી જે વિશેષતા–મહાનતા છે તેનું તું જ્ઞાન પણ નહીં કરે તો તારા આત્માની શ્રદ્ધા તું કેવી રીતે કરીશ?

અને "હું આવો ચૈતન્યસ્વરૂપે જ વેદનમાં આવનારો છું."–એવા જ્ઞાન–શ્રદ્ધાન વગર તું ઠરીશ શેમાં?

અરે, તારા ચૈતન્યને અત્યંત વહાલો કરીને, પ્રથમ જ તેના સ્વલક્ષણથી તેને જાણ...જાણતાંવેત મહા અપૂર્વ પ્રમોદસહિત તને શ્રદ્ધા બેસી જશે...ને પછી તેમાં જ ઠરતાં તને પોતાના શુદ્ધઆત્માની સિદ્ધિ થશે.


અહો, આત્માની આરાધના કેમ કરવી! તે રીત સંતોએ પ્રસિદ્ધ કરી છે. તારા આત્માના સ્વરૂપને એકવાર જાણ તો ખરો.

જે જીવ ભવદુઃખથી થાકીને મોક્ષસુખનો અભિલાષી થયો છે–એવા મુમુક્ષુજીવને માટે આ સમયસારમાં ઉપદેશ છે.

હે મુમુક્ષુ! અશાંતિથી તું હવે થાક્યો છે ને શાતિનો શોધક થયો છે તો પ્રથમ જ આત્માને જાણ કે 'આ ચૈતન્યપણે જે અનુભવાય છે તે જ હું છું.' એક સાથે ઘણા ભાવો વર્તતા હોવા છતાં, પ્રવીણબુદ્ધિ વડે તેમાં ભેદ પાડ કે આમાં જે રાગાદિપણે કે જડપણે દેખાય છે તે કોઈ હું નથી, જે ચૈતન્યભાવરૂપે વેદાય છે તે જ હું છું.–આવા આત્મજ્ઞાનપૂર્વક આત્મપ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થાય છે. તે જ સાચી શાંતિ પામવાનો ઉપાય છે.

[ જેતપુર–પ્રવચનમાંથીઃ સ. ગા. ૧૭–૧૮, **મહા** સુદ ૧ ]

# ગીરનાર




વાહ ગીરનાર વાહ! ૭૨,૦૦૦૦૭૦૦ બોંતેર કરોડને સાતસો મોક્ષગામી જીવોની ચરણરજને તારા શિરે ચડાવીને તું પણ જગપૂજ્ય બન્યો છે. કરોડો મુનિવરોની આત્મસાધનાને તેં નજરે દેખી છે. તારી ઉન્નત્તિ વડે તું અમને પણ નેમિનાથપ્રભુના ઉન્નત્તમાર્ગની પ્રેરણા આપી રહ્યો છે. નેમિનાથપ્રભુના સાન્નિધ્યને લીધે તું પણ શ્યામવર્ણથી શોભી રહ્યો છે. તારા મસ્તકના મુગટ જેવી જે પાંચમી ટૂંક, તેમાં નેમિજિન મુગટમણિ જેવા શોભી રહ્યા છે. ધન્ય છે તને–કે તું ભગવાનના ભાવમંગળને ઝીલીને ક્ષેત્રમંગલ બન્યો છે...ને જગતના જીવોને મંગલમાર્ગની પ્રેરણા આપી રહ્યો છે.

-जय गीरनार

# આતમ પરમાતમ હૈ તેરા, ઉસકો તૂં પહિચાન...

મન મન્દિરમેં ઝાંક લે ચેતન, સોચ અરે ઈન્સાન;
આતમ પરમાતમ હૈ તેરા, ઉસકો તૂં પહિચાન.

ઈત, ઉતકો તૂં મનકો લગાવે...નિજઆતમમેં ધ્યાન ન લાવે,
પર ચિન્તાકો છોડકે ચેતન નિજકો તૂં પહિચાન;
આતમ પરમાતમ હૈ તેરા ઉસકો તૂં પહિચાન.

જીવન તેરા હૈ ઈક સપના...કયોં તૂં કરતાં અપના-અપના,
સપના દેખનેવાલે માનવ! સપના દુખકી ખાન;
આતમ પરમાતમ હૈ તેરા ઉસકો તૂં પહિચાન.

ન્યાય નીતિસે રહ લે જગતમેં.....કયા ભેદ હૈ નિજ ઔર પરમેં,
અપને આતમકો પહિચાનો પાવો સુખ મહાન;
આતમ પરમાતમ હૈ તેરા ઉસકો તૂં પહિચાન.

ધર્મ અહિંસા મનમેં બિઠાલે...આતમ જ્ઞાનકી જ્યોતિ જગાલે,
જ્યોતિ પ્રકાશ હો ત્રિલોક 'નેમી', આતમ સુખ મહાન;
આતમ પરમાતમ હૈ તેરા ઉસકો તૂં પહિચાન.

[-નેમીચન્દ જૈન, ઈટાવા]

આ ગીરનાર-યાત્રા અંકમાં વધુ પાનાં આપવા માટે રૂા. ૨૦૧ શાહ મગનલાલ તલકશી (સુરેન્દ્રનગર) તરફથી, તથા રૂા. ૨૦૧ વેણીલાલ છગનલાલ મહેતા (અંકલેશ્વર) તરફથી આવેલ છે. ધન્યવાદ!

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) મહા
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૬૦૦